R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 55 Issue No. 1 April - 2011


## જ્ઞાન વગરના કર્મો અને ફળ

શ્રીકૃષ્ણ ભગવાને ભણતાં ભણતાં લાકડાં કાપવાનું કામ કર્યું. ગાયોની સેવાનું પણ કામ કર્યું અને મોટા થતાં મોટાઈ ત્યજી અર્જુનના સારથિનું પણ કામ કર્યું અને અર્જુનને મોહમાંથી છોડાવ્યો. આજે જે લોકો જ્ઞાન મેળવે છે - તે શ્રમ કરતાં નથી, અને શ્રમ કરે છે - તે જ્ઞાન મેળવતા નથી. તેથી જ્ઞાન વગરનું કર્મ અને કર્મ વગરનું જ્ઞાન ધરાવતા બે વર્ગો સમાજમાં જન્મ્યાં છે અને આ બંને વર્ગની અથડામણો ચાલી રહી છે, તેથી બંનેયનું તેજ હણાય છે. જ્ઞાન મેળવતાં શ્રમ ત્યજયો, શ્રમ ઉઠાવતાં જ્ઞાન ત્યજયું તેનું આ પરિણામ છે.

એક જ્ઞાની કહે છે કે 'કામ કરવું એ મારું કામ છે - ફળનાં પરિણામ વિશે વિચારવું એ મારું કામ નથી' ; એક ગૃહસ્થી કહે છે કે 'હું મારું કામ કરીશ અને તેનું સંપૂર્ણ ફળ જરૂર મેળવીશ.' એક ભક્ત કહે છે કે 'જો હું મારું કામ બરાબર કરીશ તો ભગવાન અવશ્ય તેનું ફળ આપશે જ'; એક પરમહંસ કરે છે કે 'હું કામકાજ તથા ફળના દ્વંદ્વમાં પડવા માગતો નથી. જે થવાનું હશે તે થશે, ને તે બરાબર જ થશે.'

– સંકલન

**2nd Cover Page**




**મુખ્ય મહેમાન શ્રી કુંદન વ્યાસને મેમેન્ટો અપર્ણ કરતા પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ**



**અતિથિવિશેષ શ્રી મયુરભાઈને મેમેન્ટો અપર્ણ કરતા પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ**

# જ્યોતિ પુંજ


વર્ષ અંક તારીખ

૫૫ ૧ ૧૫-૦૪-૨૦૧૧

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



**નિખિલ પરીખ (તંત્રી)**

**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**

**અમીત વ. પારેખ**

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

**ટે.**(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫ (મો) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# આલ્બમ એક આયનો

**તંત્રી સ્થાનેથી**

**અ**મેરીકામાં એક સર્વે યોજાયો હતો. લોકોને પુછવામાં આવ્યું,''તમારા ઘરમાં આગ લાગે તો તમે સૌથી પહેલાં શું ભેગું કરીને ઘરની બહાર ભાગો ?'' પૈસા, દાગીના, બેન્ક બુક, શેરના કાગળો, સોના-ચાંદી, હીરા-મોતી ઉપરાંત એક ધ્યાનાકર્ષક વસ્તુ હતી જુના ફોટાના આલ્બમ. ૩૦ થી વધુ ટકા લોકોએ પોતાની સૌથી મહત્વની ચીજોમાં આલ્બમનો સમાવેશ કર્યો હતો. આલ્બમ એટલે વિતેલી સુખદ ક્ષણોની યાદો. સુખ ક્ષણોમાં જ આવે વર્ષોમાં નહી અને એ ક્ષણને કાયમ માટે ઝડપી લેવી એટલે કેમેરાની એક 'કલીક'. આપણે ફોટા સુખમાં જ પાડતા હોઈએ છીએ. દુઃખમાં કોઈ ફોટા નથી પાડતું. દીકરીની વિદાય વેળાનાં રડતાં ફોટા એ અપવાદ ખરા પણ એ આંસુમાં પણ એક સુખ જ સમાયેલું હોય છે. એ સુખ ભલે દીકરીનું હોય, હૈયું આપણું જ ઠરતું હોય છે. ટુંકમાં અત્યાર સુધીની જીંદગીમાં વિતેલી સુખદ ક્ષણોનો સંગ્રહ એટલે આલ્બમ, આ આલ્બમ જોવા બેસીએ ત્યારે એક એક ફોટો આપણને અતીતની સફરે લઈ જાય છે. પછી એ ફોટો હસતી નાનકડી દીકરીનો હોય કે પુત્રની પહેલી વર્ષગાંઠનો હોય. ઈટલી, સ્વીઝરલેન્ડના પ્રવાસનો હોય કે સ્કુલની ઈલોરા અંજટાની પીકનીકનો હોય. આ અતીતની સફર એટલી સુખદ હોય છે કે જો એ ક્ષણો વીતી ગયાનો અફસોસ ન કરીએ તો એ વીતેલી સુખદ ક્ષણ ફરીથી જીવી શકીએ. આથી જ કદાચ ઘણા બધા અમેરીકનોએ એને સૌથી વ્હાલી વસ્તુ ગણી હશે. અને એમ જોઈએ તો એ એટલી અમુલ્ય પણ કહેવાય.

આપણી આખી જીંદગીની દરેક સુખદ યાદોનો સંગ્રહ હોય એનું મુલ્ય ચુકવવા માટે તો એ જીંદગી ફરીથી જીવવી પડે. જુના ફોટાનું આલ્બમ જેમ સુખદ યાદોનો ખજાનો છે એમ ધ્યાનથી જોઈએ તો એ આપણી વિતેલી જીંદગી અને આજનો આપણો આયનો પણ બની શકે. એક નજર જુના ફોટામાં રાખો અને બીજી નજર પોતાની જાતને આયનામાં નિહાળો ફરક લાગે છે? લાગવાનો જ. આપણે રોજે રોજ બદલાઈએ છીએ. બદલાવ એ પ્રકૃતિનો નિયમ છે. હું મોઢા ઉપરની ઝુરીઓ કે સફેદ થયેલા વાળની વાત નથી કરતો. પણ શું બદલાવ સાચી દિશામાં છે? આપણા આજના પરિપકવ ચહેરા પાછળ શું આપણું મુક્ત હાસ્ય અકબંધ છે? યુવાનીની મુગ્ધતા, સપનાઓની ચમક, જીવન પ્રત્યેની આશા એના પ્રત્યેની શ્રધ્ધા અકબંધ છે? શું બદલાયેલો આજનો 'હું'મને પોતાને ગમે છે? શું મને મારા પોતાના વિકાસ માટે, મારા આજના વ્યક્તિત્વના વિકાસ માટે સંતોષ છે? શું ત્રીસ વર્ષ પહેલાં મને જેવું થવું હતું એ હું બન્યો છું? આ આયનો આપણને આલ્બમ દેખાડે છે, શું તમે તમારી જાત સાથે પણ ક્યારેક પ્રેમ કર્યો છે? જવાબ હા હોય તો આજની આ ક્ષણને પણ એ આલ્બમમાં કેદ કરી લો. કાલે કદાચ આજના સંદર્ભમાં જાતને જોવાનો અને તોલવાનો મોકો મળે પણ ખરો. જુના આલ્બમમાં અને ખાસ કરીને લગ્ન પછીના ૨૫ વર્ષ પછી જો લગ્નનું આલ્બમ જોવા બેસીએ તો ધ્યાન ખેંચાય એવો બદલાવ આપણા મિત્ર વર્તુળમાં જોવા મળે છે. લગ્ન વખતના ખાસ આમંત્રિત ચહેરાઓ ક્યાંય ખોવાઈ ગયા હોય એવું લાગે છે. જુના મિત્રો ગુમાવીને આપણે બીજા ઘણા તાળી મિત્રો, થાળી મિત્રો બનાવી લીધા છે. આપણી દોસ્તી મર્સીડીસ કાર સાથે થઈ, કોકની ટાઈ સાથે થઈ તો કોકની મોટાઈ સાથે થઈ, કોકના નામ સાથે થઈ તો કોકના ઉંચા મુકામ સાથે થઈ. આલ્બમ આપણને આ બાબતનો અહેસાસ કરાવે છે. એ યાદ અપાવે છે આપણા છુટી ગયેલા મિત્રો, એમની નિર્દોષ મૈત્રી, નિખાલસ મૈત્રી જેની પાસે દીલ ખોલીને વાતો કરી શકતાં અને વખત આવે ખભે માથુ રાખીને રડી શકતાં. આલ્બમ આપણને કહી રહ્યું છે 'જા શોધી કાઢ એ જુના મિત્રોને, જીંદગીની સફરમાં જ્યાં તું એમને છોડીને આવ્યો છે ત્યાં પાછો જા કદાચ હજી એ લોકો તારા આવવાની રાહ જોતા ઉભા હશે. મળ એમને અને વાગોળ એમની સાથે અતીતના સંભારણાં.'

ઘણાં કપલને લગ્નનું આલ્બમ જોવું નથી ગમતું. કદાચ એમનો હસ્ત મેળાપ હૃદય મેળાપ સુધી ન પહોંચ્યો હોય. કદાચ એ લોકો એકબીજાને મળ્યા વગર બે પાટાની જેમ સમાંતર ચાલતાં ચાલતાં આજના મુકામ ઉપર પહોંચ્યા હોય, કદાચ એમને લગ્નનું સુખ જેટલું આલ્બમમાં દેખાય એટલું લગ્ન જીવનમાં ના દેખાતું હોય, કદાચ એમના લગ્ન જીવનના વીતી ગયેલાં વર્ષો કબાટમાં સુટ અને સાડી થઈને લટકતાં હોય. કદાચ કદાચ..... પણ આ કદાચનો ઉકેલ પણ આલ્બમમાં જ મળી શકે. જો તેઓ યાદ કરે પહેલી વાર નજર ટકરાયાની એ ક્ષણ અને ભુલી જાય રોજ થતી અહમની ટક્કર. જો તેઓ યાદ કરે પ્રથમ સ્પર્શનો એ રોમાંચ અને ભુલી જાય રોજ થતી હુંસાતુંસી, તકરાર, જો તેઓ યાદ કરે વણ કહે સંભળાઈ ગયેલી દીલની વાતો અને ભુલી જાય રોજ ચાલતાં વિષમ વાકબાણ. જો તેઓ યાદ કરે ફેરા વખતે અપાયેલા વચનો અને ભુલી જાય રોજ કહેવાતા કટુ વચનો, આલ્બમ પોકારી પોકારીને કહે છે

ભુલી જા વીતી ગયેલા એ વર્ષો, ભુલી જા એ અહમનો ટકરાવ ચાલ ફરી શોધીએ એ રોમાંચ એ ઉન્માદ, એ ખોવાયેલા પ્રેમની મુગ્ધતા, એ આંખોમાં આંજેલા પ્રેમની ચમક રીવાઈન્ડ કરી લે ફરી જીવી લે. આલ્બમ મોટા થઈને દુર થઈ ગયેલા આપણા બાળકોનો શૈશવકાળ અને બચપણ યાદ કરાવે છે. બાળકોની નિર્દોષ મસ્તી, એ નિર્મળ હાસ્ય, એમની સાથે વીતાવેલી સૌથી સુખદ પળોની યાદ અપાવે છે. આપણી લાડકી દીકરીને કરેલા ગાલ ઉપરના ચુંબનથી માથા ઉપરના ચુંબન સુધીની, બચપણથી યુવાનીની સફરના દરેક મોડની, હર મુકામની યાદ આલ્બમ આપણને કરાવે છે. મા- બાપથી દુર થયેલા દીકરા કે દીકરીને મા-બાપની હુંફ પ્રેમ અને લાગણીનો અહેસાસ પણ આલ્બમ જ કરાવે છે. કેટલાક કમનસીબ મા- બાપને અધવચ્ચે છોડી ગયેલા દીકરા કે દીકરીની સતત ઝુરતી યાદોને ચિત્રસ્વરૂપ આપવાનું કામ પણ આલ્બમ જ કરે છે. મા-બાપના મૃત્યુ પછી એમના આર્શિવાદ એમની હુંફ અને પ્રેમને યાદ કરીને એજ પ્રેમ બાળકોમાં વહેવડાવવાની પ્રેરણા પણ આ આલ્બમ જ આપે છે.

## મુંબઈમાં વસવાટ કરતા બાલાસિનોરવાસીઓ જોગ :

આપણી બાલાસિનોર વૈષ્ણવ નગર વસાવવાની પ્રસ્તાવના મુકવામાં આવી હતી તે યોજનાનો સારો સહકાર મળી રહ્યો છે. તેથી કરીને જે કોઈ જ્ઞાતિજનો ૩ થી ૪ એકર જમીન મેળવવા બાબતમાં સહકાર આપવા ઈચ્છા ધરાવતા હોય તો નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી.

**સુધીર સી. ધારીઆ - ૯૮૧૯૮૨૯૨૬૬**

**દક્ષેશ બી. કડકીઆ - ૯૮૩૩૧૭૬૧૫૮**

આ ઉપરાંત પણ આલ્બમ ઘણું બધુ કહી જાય છે. વિતેલા વર્ષોમાં આપણે શું ગુમાવ્યું અને શું મેળવ્યું, શું કપાઈ ગયું ને શું વધી ગયું.

નથુલાલ જેવી મુછો કપાઈ ગઈ
બેલ બોટમની ઘેર કપાઈ ગઈ
લાંબા ચોટલા ને અંબોડા કપાઈ ગયા
મોટા બેલ્ટને બક્કલ કપાઈ ગયા
કાન ઉપર આવતાં ઝુલ્ફા કપાઈ ગયા
દુર સપના જોતી, દ્રષ્ટિ કપાઈ ગઈ
લાંબી દેખાતી જીંદગી કપાઈ ગઈ
પૈસા પાછળની દોટ કપાઈ ગઈ
સુટ સાથે પાનેતરની પ્રીત કપાઈ ગઈ
આંખોમાં પ્રેમનાં સપનાઓની ચમક કપાઈ ગઈ
મા-બાપની હુંફ કપાઈ ગઈ
સંતાનોના પ્રેમની દોર કપાઈ ગઈ
ને કોકની જીવાદોરી કપાઈ ગઈ
**- સામે જુના ફોટાની સામે શું વધી ગયું**
ફ્રેન્ચ કટની દાઢી વધી ગઈ
કમર અને પેટની સાઈઝ વધી ગઈ
આંખો ઉપર ચશ્માથી દ્રષ્ટિ વધી ગઈ
મોઢા ઉપરની ઝુરીઓ વધી ગઈ
વાળ ઉપર હેર ડાયની કાળાશ વધી ગઈ
બ્યુટી પાર્લરની ખેપ વધી ગઈ
વધુ જીવવાની ખ્વાઈશ વધી ગઈ
બીજાને અપાતી શિખામણ વધી ગઈ
ખાવા ઉપર ગોળીઓ વધી ગઈ
ગુલાંટ મારવાની ભુખ વધી (પુરુષો માટે)

અને છેલ્લે આલ્બમ દ્વારા સ્મૃતિઓને વાગોળવાની આદત વધી ગઈ.

**- નિખિલ પરીખ**

# અષ્ટવક્ર સંહિતા (ગીતા)

- જયંતિભાઈ ગાંધી

(ગતાંકથી ચાલુ)

હવે આપણે જોઈએ કે આપણાં પૂર્વજોએ ત્રણ ભગવાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશના અદભૂત ચિત્રો બનાવ્યા છે, તો તે ચિત્રોને સમજીએ અને એમાં રહેલો ગુપ્ત સંદેશ ઝીલીએ

બ્રહ્મા : બ્રહ્મા સર્જન શક્તિનું પ્રતિક છે. આપણા પુરાણોમાં બ્રહ્માને સર્જનહાર કહ્યા છે. પ્રત્યેક જીવમાં સર્જન શક્તિ સમાયેલી છે. દરેક જીવમાં પોતાના જેવાં અન્ય જીવો પેદા કરવાની ક્ષમતા છે. બ્રહ્માજીનું ચિત્ર જોઈએ તો ખ્યાલ આવશે કે તેઓ વિષ્ણુની નાભીમાંથી જે કમળ નીકળ્યું એ કમળ પર વિરાજમાન છે. આ ચિત્ર બનાવનાર માનવો છે તેથી તેમણે ભગવાનને પણ માનવરૂપ આપ્યુ છે.

વિષ્ણુની નાભિમાંથી નીકળેલું કમળ દર્શાવે છે કે આપણે પણ આપણી માતાના ગર્ભમાંથી જનમીએ છીએ ત્યારે આપણી અને માતાની વચ્ચે આવી નાડ છે. આ નાડ દ્વારા જ ગર્ભમાં રહેલાં બાળકને પોષણ મળે છે. બાળક જન્મે પછી તેને સ્વયં જીવવા પ્રયત્ન કરવો પડે છે. તેથી એ નાડ કાપી નાંખવામાં આવે છે અને એમાંથી આપણી ડુંટી બને છે.

એક બીજને જમીનમાં વાવીએ છીએ ત્યારે એ બીજ સમય જતા તેના કોચલામાંથી બહાર આવે છે અને એક છોડનું રૂપ લે છે. આ છોડ વધતા વધતાં ઝાડ થાય છે. હવે એ ઝાડ પર ફળ ફૂલ આવે છે અને એનામાં અનેક એના જેવા ઝાડો પેદા થાય એવા બીજ પણ પેદા થાય છે.

આ એ સૃજન શક્તિનું પ્રતિક છે.

કમળ એ દર્શાવે છે કે હે માનવ! ઈન્દ્રિય સુખ ભોગવવાનો તું અધિકારી છે પણ લોભવશ વાસનામાં ન ફસાતો. તું સંસારમાં રહી જલકમલવત બની જીવશે તો તું આનંદને પામીશ.

વિષ્ણુ : હવે આપણે વિષ્ણુનું ચિત્ર જોઈએ

જન્મ અને મૃત્યુની વચ્ચેનો ગાળો એ જીવન છે. વિષ્ણુ આ જીવનનું પ્રતિક છે. વિષ્ણુને શેષનાગની શૈયા પર સુવડાવ્યા છે. વિષ્ણુના ચાર હાથ છે અને ચારે હાથોમાં શંખ, ચક્ર, ગદા. પદ્મ ધારણ કર્યા છે અને લક્ષ્મીજી તેમના પગ પાસે બેઠાં છે. આ શું બતાવે છે ?

વિષ્ણુ એ જન્મ અને મૃત્યુ વચ્ચેનું જીવન છે. તેઓ પાસે જે શંખ છે એ નાદ બ્રહ્મનું પ્રતિક છે. જીવજગતની ઉત્પતિનું કારણ છે. ચક્ર એ કાળનું પ્રતિક છે. જે જન્મે છે તે એક ન એક દિવસ મૃત્યુ પણ પામે છે. ગદા એ પ્રત્યેક જીવમાં સ્વબચાવ માટેની ક્ષમતાનું પ્રતિક છે. પદ્મ છે એ જીવન માણવા માટેની શીખ છે. વિષ્ણુને સાત સમુદ્રની મધ્યમાં બેસાડયા છે. એ દર્શાવે છે કે જીવનની શરૂઆત પાણીમાંથી થઈ છે. જ્યાં પાણી નથી ત્યાં જીવન વ્યક્ત થઈ શકતું નથી. વિષ્ણુ પત્નિ લક્ષ્મીજી વિષ્ણુના પગ પાસે છે. લક્ષ્મીજી પૃથ્વીનું પ્રતિક છે. પૃથ્વીને માતા કહી માતા પોતાના બાળકને માટે ખોરાક પુરો પાડે છે. પૃથ્વી કરોડો વર્ષોથી આપણને આપણા જીવનને પોષવા ખોરાક પુરો પાડે છે.

હવે બાકી બચે છે શેષનાગ. સત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોથી વ્યાપ્ત પ્રકૃતિમાં જે સર્જન થાય છે તેમાં પણ ઓછામાં ઓછા ત્રણ પરિબળો આવશ્યક છે. પણ આ ત્રણ પરિબળો ભેગા થાય તો પણ સર્જન ન થાય. ત્યાં જે શેષ બચે છે તે છે કૃપા. પરમાત્માની કૃપા. આ

જગતમાં પરમાત્માની સઘળી શક્તિ પંચમહાભૂતોમાં વહેંચાઈ ગઈ. પણ જો આપણે એ સીધા સાદા અણુને તપાસીએ તો ખ્યાલ આવશે કે વાસ્તવમાં આટલા વિશાળ બ્રહ્માંડમાં સર્વત્ર ખાલી જગ્યા જ છે. દા.ત. હાઈડ્રોજનનો એટમ. હાઈડ્રોજનના એટમમાં એક ઈલેકટ્રોન અને એક પ્રોટોન છે. જો આ એટમનો ખૂબ વિસ્તાર કરીએ, એક સ્ટેડીયમ જેટલો વિસ્તાર કરીએ. તો ઈલેકટ્રોન એ ક્રીકેટના દડા જેવડો થાય છે અને તે સ્ટેડીયમના છાપરા પર ગોળ ગોળ ફરે છે. જ્યારે પ્રોટોન એ બેટસમેન જેવો છે. જે પીચ પર ઉભો છે. જરા કલ્પના કરી જુઓ કે એ બેટસમેન અને બોલ વચ્ચે કેટલી ખાલી જગ્યા છે. શેષનાગનું ચિત્ર કહે છે કે એ ખાલી જગ્યામાં પણ પરમાત્માની સત્તા હાજર છે.

ઓગણીસો સીતેરની આસપાસ મેટાફીઝીકસના વૈજ્ઞાનિકોએ શોધી કાઢયું છે કે હા! આ બ્રહ્માંડમાં એવું પણ કંઈક છે જે અપરિવર્તનીય છે. અમે તેને ઓળખી શકતા નથી.

મહેશ : આપણે જોઈ ગયા કે જે પળે જન્મ થયો કે તરત જ મૃત્યુ ભણીની આપણી યાત્રા શરૂ થઈ જ ગઈ છે. જન્મની ક્ષણને બ્રહ્મા કહીશું તો મૃત્યુની ક્ષણને મહેશ કહીશું. બ્રહ્માને આપણે સર્જનહાર કહ્યા તો મહેશને આપણે મૃત્યુના દેવતા કહ્યા. મહેશના શરીર પર રાખ લગાડેલી છે. આપણા દેહના મૃત્યુ બાદ આ દેહને અગ્નિને સોંપી નાંખવામાં આવે છે. બાકી બચે છે એ રાખ.

મહેશના ગળામાં નાગ રાખ્યો છે. આ નાગ મૃત્યુના ભયનું પ્રતિક છે. મનુષ્યને ચેતવે છે કે આખરે મૃત્યુ નિશ્ચિંત છે જ માટે તું તારું જીવન માણી લે. તારે જે કરવું છે તે કર આળસ ના કર. સમુદ્રમંથન વખતે ઝેર નીકળે છે. આ ઝેરથી સંસાર અકળાય છે ત્યારે મહાદેવને બોલાવવામાં આવે છે અને તેઓ આ વિષનું પાન કરે છે. પણ મહાદેવ તે ઝેરને કેવળ ગળામાં અટકાવી દે છે. આપણે બધા સંસારી છીએ. સારા-માઠાં પ્રસંગો આવવાના જ. તેમાં સુખદ પ્રસંગો તો માણીયે છીએ પણ દુઃખના પ્રસંગે દુઃખી થઈએ છીએ. મહાદેવ કહે છે કે આ દુઃખદ પ્રસંગોને પણ સ્વીકારી લો પણ તેને યાદ રાખવાની જરૂર નથી. સુખ હોય કે દુઃખ, તેનેજીવી લો અને પછી ભૂલી જાવ.

તેમના શીર પર અર્ધ ચંદ્ર મુક્યો છે. આપણે જાણીએ છીએ કે સૂર્ય સ્વયં પ્રકાશ છે. સૂર્યને નારાયણ કહીએ છીએ. સૂર્ય જીવન દાતા છે. આત્મા સ્વયં પ્રકાશ છે. જયારે ચંદ્ર પ્રતિબિંબિત પ્રકાશ છે. ચંદ્રનો પોતાનો પ્રકાશ નથી. ચંદ્રને આપણે જીવની સાથે સરખાવી શકાય. જીવ પાસે પણ આત્માનો પ્રતિબિંબિત પ્રકાશ છે. અર્ધ ચંદ્ર દર્શાવે છે કે મનુષ્ય જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેનો જીવ તેનામાં દૃઢ થયેલા સંસ્કારો લઈ આસમાનમાં ચાલ્યો જાય છે અને યોગ્ય સમયે અને યોગ્ય સ્થાને, જ્યાંથી તેની યાત્રાની સંભાવના હોય ત્યાં ફરીથી જન્મ લે છે. તેથી જ કહેવાય છે કે

A man is what he is only because he wanted to be.

આ માનવ સ્વતંત્રતાનું રહસ્ય પણ છે. આ જીવ વિજ્ઞાનનું અલગ શાસ્ત્ર છે જે અહીં પ્રસ્તુત છે. આટલી વાત પરથી એટલું નક્કી કહી શકીએ કે બ્રહ્મા વિષ્ણુ મહેશ એ ભગવાન નથી પણ જીવન ઉર્જાના ત્રણ પ્રતિક છે. વિષ્ણુને જીવનનું પ્રતિક છે તો પ્રત્યેક જીવ વિષ્ણુના જ અવતાર છે. તો અત્યાર સુધીનો શ્રેષ્ઠ જીવ કોણ ? એ આવતા અંકમાં જાણીશું

**(- વધુ આવતા અંકે)**

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૩મી બેઠક ૮મી માર્ચ ૨૦૧૦ મંગળવારના રોજ ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ(ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) એ પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ ૧૨મી બેઠકની કાર્યવાહીનું વાંચન કર્યુ હતુ. તે સર્વાનુમત્તે પસાર થયું હતું.

મહીલા વિભાગ તથા શ્રીજી મેડીકલેમ યોજનાના હીસાબ રજુ કરાયા હતા. તે સર્વાનુમતે પસાર કરાયા હતા.

નોટબુક સમિતિના સંયોજકએ તેમનો અહેવાલ રજુ કર્યો હતો. ચર્ચા વિચારણા કર્યા બાદ ઓસવાલ બુકડેપોને આ વર્ષે ઓર્ડર આપવાનું નક્કી કરાયુ હતુ.

સંસ્થાના કાર્યાલનું નામકરણ માટે ૩ જી એપ્રીલ ૨૦૧૦ નક્કી કરવામાં આવી હતી.

પ્રોગ્રામ સમિતિ તથા ભંડોળ સમિતિના સંયોજક એ એમનો અહેવાલ રજુ કર્યો હતો.

એક લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**
**મંત્રી - શ્રી મંજુલ શૈલેશ ધારીઆ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

***સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ હિરક જયંતિ મહોત્સવ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની સ્થાપનાના ૬૦ વર્ષની ઉજવણી તા. ૨૭મી માર્ચના રવિવારના રોજ બિરલા માતુશ્રી સભાગ્રહ ખાતે પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆના પ્રમુખપદ હેઠળ યોજવામાં આવી હતી. મુખ્ય મહેમાન જન્મભુમિના તંત્રી શ્રી કુંદન વ્યાસ તથા અતિથિ વિશેષ તરીકે મયુરભાઈ પરીખ હાજર હતા.

કાર્યક્રમનું સંચાલન કરતાં નિખિલ પરીખે સંસ્થાની સરખામણી ૬૦ વર્ષના સીનીયર સીટીઝન સાથે કરતાં જણાવ્યું હતું કે, હવેથી ૬૦ વર્ષની વ્યક્તિઓ સીનીયર સીટીઝન કહેવાય છે. એ અર્થમાં નવયુવક સંઘ હવે સિનીયર સીટીઝન કહેવાય. પરંતુ સંસ્થાના ૬૦ વર્ષ અને સ્ત્રી કે પુરુષના ૬૦ વર્ષમાં ઘણો ફરક છે. ૬૦ વર્ષે માનવી નિવૃત્તિ થાય જ્યારે સંસ્થાની ખરા અર્થમાં જોશભેર પ્રવૃત્તિ થાય. માનવી જીવન સફરમાં ધીરો પડે છે. જ્યારે સંસ્થા પ્રવૃત્તિઓને વેગવાન બનાવી સ્પીડ પકડે છે. માનવીના આધારસ્તંભ એવા તાકાત, ઉત્સાહ અને મહત્વાકાંક્ષા નબળા પડે. જ્યારે સંસ્થાના પાયા અથવા આધાર સ્તંભ એવા અનુભવ, સેવાભાવના અને સંગઠન મજબુત થાય છે. માનવી જીવનમાં સપના જોવાનું બંધ કરે. જ્યારે સંસ્થા નવા નવા સપના જોવા અને સાકાર કરવા આગળ વધે, માનવીને જીવનનો અંત અથવા મૃત્યુના સિમાડા નડે છે. જ્યારે સંસ્થાને ઉંમરના કે મૃત્યુના કોઈ સિમાડા નડતા નથી. માનવી માટે કહેવાય છે કે સાઠે બુદ્ધિ નાઠી જ્યારે સંસ્થા સાઠ વર્ષે બુદ્ધિ, અનુભવની પોટલી ગાંઠે એટલે કે સાઠે બુદ્ધિ ગાંઠી. માનવીને પેન્શન અને દીકરાઓના ભરોસે નીચે જોઈને જીવવું પડે. જ્યારે સંસ્થા પાસે પુષ્કળ ભંડોળ અને ઉદારદીલ દાતાઓનો ટેકો હોઈ સર ઉઠાવીને આગળ વધી શકે છે. વધુ એક ફાયદો છે જેની ઈર્ષ્યા બધાને થાય. આપણે માનવી ને સાઠ વર્ષે પણ એકના એક જ જીવન સાથી સાથે આગળ વધવું પડે છે. જ્યારે સંસ્થાને દર ત્રણ વર્ષે નવો રાહબર મળી રહે છે. વધુ યુવાન, વધુ ઉત્સાહી.

ત્યારબાદ પ્રભુ વંદના, શ્રીમતી સોહિણીબેન કડકીઆ, નીશાબેન દેસાઈ તથા અસ્મીતાબેન દોશી એ કરી હતી.

અજ્ઞાન અને અંધકારને દુર કરવા અને સેવા અને જ્ઞાનના દીપને પ્રજવલિત કરવાના પ્રતિક રૂપે કુંદનભાઈ, મયુરભાઈ, કલ્પેશભાઈ તથા અન્ય હોદેદારો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના સ્થાપક અને પ્રેરણામમુર્તિ શ્રી કાંતીભાઈ ઓચ્છવલાલ પરીખ તથા બાલાસિનોરના શહીદ વીર તુલસીદાસ મોદીને યાદ કરવામાં આવ્યા હતા.

મંત્રી શ્રી મંજુલ ધારીઆએ સ્વાગત પ્રવચનમાં સંઘની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર માહીતી આપી હતી. મુખ્ય મહેમાન શ્રી કુંદન વ્યાસનો પરિચય આપતાં શ્રી યોગેશભાઈ ધારીઆએ જણાવ્યું હતું કે ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રે તેઓનું મોટું નામ છે અને છેલ્લા ૫૦ વર્ષથી તેઓ આ ક્ષેત્રે કાર્યરત છે અને આપણા જન્મભુમિના લાડલાં તંત્રી છે. કુંદનભાઈનું પુષ્પગુચ્છ, શાલ, તથા મોમેન્ટો દ્વારા નિકેશભાઈ, મંજુલભાઈ તથા કલ્પેશભાઈના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષ મયુરભાઈની વિવિધ સામાજીક સેવાને બિરદાવતાં શ્રી પરેશભાઈ મહેતાએ પરિચય આપ્યો હતો. મયુરભાઈનું સન્માન પુષ્પગુચ્છ દ્વારા ભાવેશભાઈ, શાલ દ્વારા સૌમીલભાઈ તથા મેમેન્ટો દ્વારા કલ્પેશભાઈએ કર્યું હતું. આજના કાર્યક્રમના સંયોજક શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ આખા આયોજનનો શ્રેય વ્રજેશભાઈ દેસાઈને આપ્યો હતો.

હિરક જયંતિ વર્ષની ઉજવણીના ચેરમેન શ્રી રજનીભાઈ કડકીઆએ વર્ષ દરમ્યાન યોજાયેલી પ્રવૃત્તિઓ તથા આ પ્રસંગે અનાવરણ પામનાર સોવિનીયર પ્રકાશન બાબત માહીતી આપી હતી અને આમા મદદરૂપ થનાર સર્વે કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ તેઓએ શ્રી કુંદન વ્યાસને અનાવરણ કરવા સોવિનીયર અર્પિત કર્યુ હતુ.

ત્યારબાદ સંઘના ભુતપૂર્વ પ્રમુખો શ્રી ભદ્રેશભાઈ પ્રવીણચંદ્ર ધારીઆ (વર્ષ ૨૦૦૭-૦૮) શ્રી પ્રદીપભાઈ પ્રવિણચંદ્ર કડકીઆ (ખીસાદાર) (વર્ષ ૨૦૦૮-૧૦) તથા શ્રી શીરીશભાઈ જગમોહનદાસ પરીખ (ચા ગરમ) (વર્ષ ૨૦૧૦)નું યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું અને તેઓએ સંઘને રાહબર બનીને યોગ્ય દિશા આપવા બદલ બિરદાવવામાં આવ્યા હતા. શાલ દ્વારા મયુરભાઈએ તથા મેમેન્ટો દ્વારા પ્રમુખ કલ્પેશભાઈએ સન્માન કર્યુ હતુ.

આ પ્રસંગે યોજાયેલ ગીત સંગીતના કાર્યક્રમ 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા' ના સંયોજક કલ્પેશભાઈનું અભિવાદન સહમંત્રી નિલેશભાઈ શાહે કર્યું હતું.

ભંડોળ સમિતિના સંયોજક શ્રી યોગેશભાઈએ વર્ષ દરમ્યાન મળેલ વિવિધ યોજનાના દાતાઓ તથા અન્ય દાનની વિગત આપી દાતાઓનો આભાર માન્યો હતો. હીરક જયંતિ વર્ષ દરમ્યાન રૂા. ૮૧ લાખ કરતાં વધુ રકમ સંઘને દાનરૂપે મળી હતી.

ત્યારબાદ શ્રી મયુરભાઈએ સંસ્થાને શુભેચ્છા સંદેશ આપ્યા હતા અને સંઘને રૂા. એક લાખ પચાસ હજારનું દાન આપ્યું હતુ. શ્રી કુંદનભાઈએ એમની લાક્ષણીક છટામાં બાલાસિનોરમાં વિતાવેલા બાળપણના કેટલાંક પ્રસંગો ઉપર પ્રકાશ પાડયો હતો અને જણાવ્યું હતું કે બાલાસિનોર વાસીઓ સાથેનો તેમનો નાતો બચપણથી ચાલતો આવ્યો છે. તેઓએ સંઘની પ્રવૃત્તિઓને અને બાલાસિનોર વાસીઓની સેવાભાવના અને દાનવૃત્તિને બિરદાવી હતી.

કોઈપણ ક્ષેત્રે લીડરશીપમાં બે ગુણો જરૂરી છે. એક વિઝન અને બીજુ મીશન. વિઝન એટલે ભવિષ્યના ગર્ભમાં જોવું અને મિશન એટલે એ જોયેલું સાકાર કરવાની નેમ સાથે આગળ વધવું. પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ પોતાના સંઘ માટેના વિઝનની વાતો કરી બાલાસિનોરની બધી સંસ્થાઓના એકીકરણની વાત ઉપર ભાર મુક્યો હતો. વિવિધ આંકડાઓ દ્વારા એકીકરણ કેટલું જરૂરી છે તે સમજાવ્યું હતું અને વડીલો અને અન્ય સંસ્થાઓના હોદેદારોની સાથે મળીને આ દિશામાં પ્રયત્ન કરવાનું વચન આપ્યું હતું. આભાર વિધિ સહમંત્રી ભાવેશભાઈ મોદીએ કરી હતી. ત્યાર બાદ સુંદરાબાઈ હોલમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં લગભગ ૭૦૦ જણાએ ભાગ લીધો હતો.

☆ ☆ ☆

# શરીર, મન અને આત્માનો ત્રિવેણી સંગમ

માનવીની પાસે, ભગવાનની આપેલી બક્ષિસ રૂપે, શરીર, મન અને આત્મા, એ ત્રણેનો ત્રિવેણી સંગમ છે. આ ત્રિવેણી સંગમ યાને સંયોગ એટલે કે આયુષ્ય - મનુષ્ય જીવન.

૧.જીવનમાં સારા આરોગ્યની દ્રષ્ટિએ, શરીર મહત્વનું છે. શરીર ધર્મનું સાધન છે. મનુષ્યને જપ, તપ, ભક્તિ, ઉપવાસ કે કર્મ કરવા માટે શરીરનો બાંધો મહત્વનો છે. માણસ, એના જીવનનો વધુ ભાગ, પોતાના શરીરની સંભાળ અને ચિંતામાં ગાળે છે. યુવાનીમાંથી ઘડપણ તરફ જતા માણસને દરરોજ શરીરની ફરિયાદ અને ક્યારે ક્યારે બીમારી રહેતી હોય છે. આપણું ચિત-મન પણ શરીરની ચિંતાથી ઘેરાયેલું રહે છે. પરંતુ મનુષ્યે સમજવું જોઈએ કે આ શરીર આપણાને જન્મથી મૃત્યુ સુધી સાથ આપે છે. તે પણ યંત્ર છે, જેની મહાન અને અદભૂત રચના ઈશ્વરે કરી છે. શરીર પાસેથી આપણે સતત અને અટૂટ કામ લઈએ છીએ. ક્યારે પણ આપણે આપણા શરીરની શક્તિ, અવિરત કાર્ય અને તેને લગતા થાકનો વિચાર કરીએ છીએ ? શરીરને પણ ઘસારો પહોંચે છે. તેને પણ આરામ, માવજત અને સુંદર-શાંત કુદરતી વાતાવરણની જરૂર છે. આપણું શરીર જ્યારે શશક્ત હોય તથા જરૂરી ધન સંચય થયો હોય, ત્યારે સમય કાઢીને આપણે સારા, ધાર્મિક, ઐતિહાસીક, સુંદર સ્થળોએ જવું જોઈએ, જેની શ્રેષ્ઠ અસર આપણા શરીર અને મન ઉપર થાય છે. આ પ્રવૃત્તિ માટે વૃદ્ધાવસ્થા કે છેલ્લી ઘડી સુધી રાહ જોવી જોઈએ નહી.

૨.બીજું મહત્વનું તત્વ આપણું મન-ચિત છે, કે જે સતત, નિરંકુશ બનીને દોડતું રહે છે તેને બ્રેક લાગતાં વાર લાગે છે. આપણું કાર્ય, મનને ચિતને અંકુશમાં રાખવાનું અને જીવનને યોગ્ય ગતિ અને દિશા આપવાનું છે. આ મન ક્યારે ક્યારે, આનંદ, અતિહર્ષ, હતાશા, દુઃખ અને ગ્લાની અનુભવે છે. આવે સમયે, આપણે આપણી માનસીક પરિસ્થિતિને, મનને જે ભાવોમાં લીન રાખ્યું હોય, તે ભાવોનો અનુભવ થાય છે. મનને શાંત રાખવું જોઈએ, જેથી દુઃખ, હતાશા, વિહવળતા ઓછી થશે. પરંતુ આપણે મનને અને તેનાથી ઉદભવતી લાગણીઓને, પ્રયત્નો કરવા છતાં ઘણીવાર અંકુશમાં રાખી શકતા નથી. સ્વસ્થતા સાતત્ય અને દ્રઢતા, એ સુંદર જીવન જીવવા માટેની આવશ્યક બાબતો છે. લાગણી આપણા જીવનમાં સ્વર્ગ પણ સર્જી શકે છે. અને બીજી રીતે દુઃખભર્યુ નર્ક પણ સર્જી શકે છે. દરિયાના મોજાંની માફક, લાગણી, ઉપર-નીચે થયાજ કરે. મહાન યોગી પુરૂષો, આદ્યાત્મિક અને ધાર્મિક મહાનુભાવો, અને સંત પુરૂષો, મન અને તેનાથી જન્મતી સારી અને ખરાબ લાગણીઓને અંકુશમાં રાખી શકતા હતા, જેની પાછળ તેમનું આત્મબળ, આધ્યાત્મિક જીવન, અને દ્રઢ સંકલ્પ હતા. આવા ઘણા મહાનપુરૂષો-યોગીઓ જેવાકે શ્રી રામકૃષ્ણ પરમહંસ, સ્વામિ વિવેકાનંદ, સંત કબીર, સંત તુકારામ, નામદેવજી, નરસિંહ મહેતા વિ.વિ.ના જીવનમાંથી આપણે ઘણું જ જાણવા તથા શિખવા મળે છે. દરેકના જીવનમાં ઘણાજ ચઢાવ-ઉતાર, સુખઃદુઃખ આવે છે, પરંતુ જીવન પ્રત્યેનો પોઝીટીવ અભિગમ, અને દ્રઢ સંકલ્પ અપનાવવાથી જીવન સાર્થક બને છે.

૩.માનવી શરીર અને મનનો વિચાર કરે છે, પરંતુ ક્યારેય પણ આપણે આપણા આત્માનો વિચાર કર્યો છે ? આ આત્મા, આપણા શરીર અને મનને જીવિત અને કાર્યશીલ રાખે છે. જીવન અને મૃત્યુ સુધી, આત્મા આપણી સાથે અને અંદર વસવાટ કરે છે. તેને કોઈ જાતની ઈચ્છા કે તેની કોઈપણ માગણી નથી હોતી. આત્માની આપણે અનુભૂતિ કરી શકીએ છીએ, પરંતુ નજરે જોઈ શકતા નથી. આત્માને ક્યારે પણ, સુખઃદુઃખ, દિવસ-રાત, ગરમી-ઠંડી,ની અસર થતી નથી. આપણે ક્યારે પણ આત્માની સાચી ઓળખ કરી

શકતા નથી. મનુષ્ય જીંદગી, સંસાર અને ભૌતિક સુખ પાછળ તે આત્માની અનુભિતિ કે સાચી ઓળખ કરી શકતો નથી. જીવવના અંત સમયે દરેકને જીવનની સાર્થકતા કે વ્યર્થતાનો અનુભવ થાય છે તે ઘડીએ, દરેકને આત્માની અનુભૂતિ કે ઓળખ થાય છે. ઘણાં માણસો મૃત્યુ જોઈને દુઃખ અથવા ગભરાટ અનુભવે છે, આખી જીંદગી ભૌતિક સુખ અને સાંસારિક બાબતોમાં પસાર થઈ ગઈ તેનો પસ્તાવો થાય છે. સૃષ્ટિનો સર્જનહાર પરમાત્મા છે અને તેનો અંશ, આત્મારૂપે આપણા શરીરમાં છે. મનુષ્ય ક્યારે પણ ફુરસદના સમયે, એકાંતમાં, પોતાના આત્માના અવાજને ઓળખવા કે જાણવાનો પ્રયત્ન કરે તો જરૂર અંતરાત્માથી તેના કરેલા સારાં -ખરાબ કર્મોનો જવાબ, તેને મળી જાય છે. હકિકતમાં જીંદગીની દોડધામમાં, અને જીવનના અંત સુધી ઘણા મનુષ્યો, આત્માના અવાજની ઓળખ, અનુભૂતિ કે દરકાર કરતા નથી અને અંતમાં પ્રશ્ચાતાપ અને દુઃખ અનુભવે છે, જેને આપણે કર્મના ફળ-તરીકે જાણીએ છીએ.

**- રમેશ લ. ધારિયા (એડવોકેટ)**

# જાહેર ખબરનો ભાવ વધારો

સૌ પ્રથમ જ્યોતિપુંજમાં જાહેરખબર આપનાર વેપારીગણનો નવયુવક સંઘ વતી હું આભાર વ્યક્ત કરું છું. આપના સહકાર વગર જ્યોતિપુંજ આજે આ ઉંચાઈએ પહોંચી શક્યું ન હોત.

હવે જ્યારે મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે જ્યોતિપુંજ પણ એમાંથી બાકાત કેવી રીતે રહી શકે ? કાગળનો અને પ્રીન્ટીંગનો ભાવ વધારો દિવસે ને દિવસે વધતોજ જાય છે. સંસ્થા આ મુખપત્ર ચલાવવા માટે મોટો ફાળો આપે છે પરંતુ વધુ બજેટ સંસ્થા માટે શક્ય નથી બનતું. એટલે ના છુટકે અમારે જાહેરખબરના દરો વધારવાની ફરજ પડી છે. આશા છે આપ સૌ વેપારીગણ અમને સાથ સહકાર આપશો.

જાહેરખબરના નવા દરો નીચે મુજબ છે. જે એપ્રિલના અંકથી લાગુ પડશે. નવા વર્ષમાં શક્ય હશે તો કલર પેજ ઉપર બે કલરની જાહેરખબર છાપવામાં આવશે. જે માટે વહેલો તે પહેલો ધોરણે ૪ થી ૮ નામ નોંધવામાં આવશે.

**જાહેરખબરનો ભાવ વધારો**

| S. No. | Description | Yearly New Rates | Yearly Old Rates | Monthly New Rates | Monthly Old Rates |
|---|---|---|---|---|---|
| 01 | Last Cover Page | 16000 | 13000 | N/A | N/A |
| 02 | Inside Full Page | 8000 | 6500 | 1050 | 910 |
| 03 | Inside Half Page | 5500 | 4550 | 675 | 585 |
| 04 | Inside Quater Page | 3200 | 2860 | 450 | 390 |
| 06 | Third Cover Page | 12000 | 10000 | N/A | N/A |
| 06 | Color Pages with 2 Color Printing | 12500 | N/A | N/A | N/A |

જ્યોતિપુંજ સમિતિ વતી

**નિખિલ પરીખ - તંત્રી** **મજુંલ ધારીઆ - મંત્રી**

# નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ...

- ઉષા ધારીઆ

કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી કાંગ લ્યો
ઉભા ઉભા કાંગ લ્યો..., બેઠા બેઠા કાંગ લ્યો
ટોપલો ભરી કાંગ લ્યો, સૂપડુ ભરી કાંગ લ્યો...

કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી કાંગ લ્યો... આપણે અહીંયા કાંગ લેવા નહી પરંતુ પ્રભુજીની સંપદા લેવાની છે. આ સંપદા ક્યાં મળે? દેખાતી તો ક્યાંય નથી. ભગવાનનો ભંડારો ક્યાં છે? આકાશે તોળાઈ રહેલાં વાદળો પાણી ભરેલાં છે છતાં પાણી તેમાનું દેખાતું નથી, જ્યારે નીચે વરસે પાણી ત્યારે જ વરસાદ પડયો કહેવાય છે. નારી જ્યારે શણગાર સજે ત્યારે સુંદર લાગે છે. આ હેમના ઘરેણામાં કંગન, બિંદીયા, ઝુમકાં, પાયલ, કિંકણી, બાજુબંધ વગેરે જુદા જુદા નામ સાથે અંગીકાર થાય છે. પગમાં પાયલ અને માથે બિંદીયા, કાનમાં ઝુમકાં અને નાકે નથની, હાથમાં કંગન કટિએ કિંકણી અને બાંહોમાં બાજુબંધ પરંતુ... હવે તમને જરુરથી સમજાશે કે આ બધા જ આભૂષણો હેમ એટલે સોનામાંથી જ બને છે. ફક્ત તમારે ઝવેરીને ત્યાં તો જરૂરથી જવું પડે છે. પરંતુ... કિંતુ આ એમ તો મળે નહિ તે માટે લક્ષ્મિજીની જરુરત પડે... અને લક્ષ્મિજી તો પ્રભુજીની પટરાણી... પ્રભુજીને રીઝવો તો જ લક્ષ્મિજીની મહેર રહે.

'હરિ તારાં છે હજાર નામ... ' પ્રભુજીના નામ ઘણાં, અવતાર પણ અનેક... પરંતુ.. કિંતુ આપણે તો નામ રૂપ જૂજવા હોય તોય શું? આગળ સમજાવ્યુ તેમ હેમનું જ કામ. પ્રભુજીને વળી નામની જરુરતશી? જેને જે નામે બોલાવવું હોય તેમ બોલાવે. બાળક આપણું હોય તો લાડમાં બંટી કહો કે બબલી, હુલામણુ નામ લાડમાં બોલાય એ મીઠું જ લાગે. પ્રભુજીની પ્રીતથી કામ અને એમની પ્રીતી એજ આપણી સાંચી સંપદા એને જ મેળવશો કેમ કેમ? દિવસ ઉગે રાત પડે આમા વ્હાણાં તો રોજ વ્હાય પણ દિનચર્યા દરમ્યાન શું કામ પ્રભુજીને ગમે તેવું કરશો? કે કર્યુ હોય તેને વિચારજો. પ્રભુજીની પ્રિતી મેળવવા તેમને ગમે એવા કામ કરશો તો પ્રભુજી તરત જ રીઝાશે, આ જન્મે વાડી, ગાડી, લાડી, બાળકો સર્વ કોઈ મળ્યું પરંતુ આ ગત જન્મની પુણ્યાઈએ મળેલી સંપદા. દેશ ભક્ત હોય એ પોતાના પનોતા પુત્રો શહીદ થાય તો બીજાને પણ શહીદી મળે એવી ખેવના રાખે છે. આવી ખેવના આપણે કરીએ તો? આપણને વરેલી લક્ષ્મીજીને પરદુઃખ ભંજના માટે વપરાય એવી ખેવના કરવાની છે. કોઈ પણ પ્રસંગને તેડુ ન હોય, લોકો પોતાની મોટાઈ બતાવવા દેખાદેખી ધુમ ખર્ચા કરતાં હોય પરંતુ ગરીબોની વ્હાર કોઈ જ કરતું નથી. જેમ શરાબનો નશો ભાન ભૂલાવે તેવી જ રીતે આ લક્ષ્મીજીનો નશો ચઢે એટલે આંખો ધુંધવાઈ જાય છે. એને પર પીડ તો દેખાતી જ નથી અને કદાચિત હૃદયના ઉંડાણમાં એનો ઈશારો સમજાય તો ય જીવ એવો કાઠો થાય છે કે પરપીડ સમજાયના. દાળ રોટલાના વાંધા, ન હોય અથાણા, શાક, કરે તો દાળ નહિ, દાળ કરે તો શાક નહિ, મોંઘવારી માઝા મૂકી ગઈ છે, સવારે રોટલા ખાય સાંજે પડે ભાત વઘારેલો યા ખીચડી ખાય. વચ્ચે આડું અવળું ખાવા કાંઈ જ ન હોય, બે ફામ ખર્ચા કરતાં વિચારો કે આ પૈસાથી ઈશ્વરીય કૃપા કેમ કરીને મેળવાય. બારે મહિના સૂરજદેવ તપતા રહે છે તો પણ તેને વરસમાં ગ્રહણ લાગે છે. ક્યારેક અતિ વૃષ્ટિ અના વૃષ્ટિ વિનાશ સર્જે છે. ધરતીકંપ, જવાલામૂખી અને વાવાઝોડુ યા સુનામી આવે છે. આ ઈશ્વરીય કોપ કહેવાય છે. 'રે મન કંઈ વિધ તોહે સમજાવું'. પ્રભુજીની સંપદા મેળવવાના અનેક રસ્તા છે. જેમ નદી, ઝરણા આખરે સાગરને જ મળે છે, તેજ

નિયામક આપણે સૃષ્ટિ પાસેથી મેળવી લઈએ તો કેવું ? ઝાડ ટાઢ તાપ વરસાદ સહી આપણને છાયો આપે છે. ફળ, ફુલ આપે છે. મુંગા રહેવાનું પણ શીખવે છે. આજ રીતે પ્રકૃતિ આપણને ઘણુ ઘણુ શીખવે છે. જ્યારે માનવીની ખોપડીમાં બુદ્ધિનો પીંડો ભરેલો છે. છતાં વ્યર્થ તમારા જીવનને ગ્રહણ લાગે. અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ જેવો વિનાશ ન સર્જાય એવી ખેવના રાખી તમારી સંપત્તિના સુયોગે પ્રભુજીની સંપદા મેળવો એક અભ્યર્થના. ખર્ચાની કટોતિ કરી પ્રભુજીની સંપદા મેળવાય એવો સુયોગ સાધો. પ્રભુજીના નામ અનેક છતાં આત્મા સો પરમાત્મા. જેવી રીતી આપણી એજ રીતી પર આત્માની, માટે ધર્મ, જ્ઞાતિ, કશાયનો વિચાર કર્યા વિના પ્રભુજીની સંપદા મેળવવાના માર્ગે દોટ મૂકો... વિચારને અમલી બનાવો સાત પેઢી તરે એવી પુણ્યાઈ મેળવો.

જેમ શરીરના જુદા જુદા અવયવોમાં જુદા દાગીના, અલંકારથી સુશોભિત થાય તેમ આપણી સંપત્તિથી જુદા જુદા રૂપમાં પ્રભુજીની સંપદા મેળવો.

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી મંજુલ ધારીઆ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## આભાર

(૧) ચિ. પંકીન ના લગ્નપ્રસંગે જાહેર કર્યા મુજબ ભાઈશ્રી નીશીથ રસિકલાલ ધારિયા (દલાલ) તરફથી સમાજને દાનનો ચેક રૂ. ૧,૦૧,૧૫૧/- મળેલો છે.

(૨) ચિ. આદિત્યનાં લગ્ન પ્રસંગે જાહેર કર્યા મુજબ શ્રીમતી નયના તથા શ્રી રશ્મિકાંત કાંતીલાલ ધારિયા (લાલખાં) તથા તેમના કુટુંબીજનો તરફથી સમાનજે રૂપિયા એક લાખનું દાન પ્રાપ્ત થયેલું છે.

(૩) પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ યોજનાના ત્રણ સેમીનારની સીડીનો સેટ બનાવવા માટે શ્રી વિનીત રસીકલાલ મોદી (દેવ) તથા શ્રી પ્રફુલભાઈ ઓ. શેઠ તરફથી રૂા. ૮૧૦૦/- (દરેકના) પ્રાપ્ત થયા છે.

સમાજ ઉપરોક્ત બન્ને દાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ છે.

**મંત્રી નીમીશ મનહરલાલ કડકિયા (મલમ)**

સાહિત્યનું સર્જન કરનાર મનુષ્ય માનવીનું આયુષ્ય કેટલું ? કશુંજ કહેતાં કશુંજ નહિ ! જો મા સરસ્વતિની કૃપા આશીર્વાદ મળેતો સાહિત્યની સાથે સર્જનહાર પણ અમર થઈ જાય !

જ્યોતિ-પુંજ જ્યોતિ એટલે દિપક પ્રકાશ અને પુંજ એટલે સાહિત્ય (માસિક) જેમાં લેખો, કાવ્યો, તથા સમાચારોનો સમાવેશ.

આજ સાઠ વર્ષ પૂર્ણ થયા, તે નિમીતે સૌ ભેગા થયા છીએ. તો મા સરસ્વતિનો (આશીર્વાદ મેળવવા) પ્રાર્થના કરીએ, જ્યોતિ-પુંજનો દિપક સદાકાળ ઝળહળતો રાખે !

**-ચંદ્રકાંત શાહ (ચટઈ) ચાંદશા**

## બાલાસીનોર વૈષ્ણવ નગર
## મુંબઈમાં બોરીવલી અથવા કાંદિવલીમાં બનાવવા માટેની ફોર્મ સાથે પ્રસ્તાવના

બાલાસિનોર વાસીઓને જણાવતા ઘણો આનંદ થાય છે કે તા.૧૧.૧.૨૦૧૧ રોજ સાંજે ૬ વાગે શુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકતાવાળા) સભાગૃહમાં આગેવાન વડીલો સાથે બાલાસિનોર નગર મુંબઈમાં બોરીવલી ઈસ્ટ - વેસ્ટ અથવા કાંદિવલી ઈસ્ટ - વેસ્ટ સ્ટેશનથી ૩ થી ૫ કીલોમીટરના અંતરે બનાવવાની ૪૦ થી ૪૫ આગેવાનોની વચ્ચે વિચાર વિનીમય કરીને દરેક જણે સહકાર આપવાની ખાત્રી આપી છે અને નક્કી કરવામાં આવ્યું કે વિગતવાર સાથે જ્યોતીપૂંજમાં છાપીને કેટલા બાલાસીનોર વાશીઓનો સાથ સહકાર મળે છે અને કેટલાને જરૂરીયાત પ્રમાણે જગ્યાની જરૂરત છે તે વિગત આવ્યા પછીનો (નો લોસ નો પ્રોફીટ)ના ધોરણે અમલમાં મૂકી શકાશે.

આ યોજનામાં રસ ધરાવતા જ્ઞાતીજનો આ સાથેનું ફોર્મ પોતાની જરૂરીયાત મુજબના ફલેટની નોંધણી કરાવી. ફોર્મમાં જણાવેલા સ્થળોએ તા. ૩૧.૫.૨૦૧૧ સુધીમાં સુપ્રત કરવાના રહેશે. જેના ઘરે જ્યોતીપૂંજના આવતુ હોય તેઓએ જ્યોતીપૂંજમાં આપેલા ફોર્મની ઝેરોક્સમાં પણ વિગતો મોકલી શકે છે.

જ્યારે પણ યોજના સાકાર થશે ત્યારે બુકીંગ સમયે અંદાજીત રકમના ૨૦ ટકા સંસ્થામાં જમા કરાવવાના રહેશે. બાકીના હપ્તાની લોનની જરૂરીયાત હશે તો પોતાની જવાબદારી ઉપર બેંક લોન કરી આપવામાં આવશે. જેને લોનની જરૂરીયાત નહી હોય તેઓએ જે પ્રમાણે કામ થાય તે પ્રમાણે હપ્તા થી ભરવાના રહેશે. ઓછામાં ઓછા ૧૭૫થી ૨૦૦ જણાના ફોર્મ આવશે. તોજ આ યોજના અમલમાં મૂકવામાં આવશે. નહીતર એમ સમજવામાં આવશે કે બાલાસીનોર વાળાઓને એક છત નિચે રહેવાની અનીચ્છા છે તેમ સમજી ને આ યોજના દરેક બાલાસીનોર વાળાઓનો આભાર માનીને પડતી મૂકવામાં આવશે. આ યોજના સાકાર કરવા. બાલાસીનોરના કુટુંબ દીઠ પરિસ્તીથી પ્રમાણે ૧ લાખ થી વધારે ની મદદ જમીન લેવા માટે બેંક વ્યાજે મળવાની શર્તે આપશે તો આ યોજના રમતમાં પૂરી થઈ શકશે. પાછળ લખ્યા મુજબ ફલેટ, રો હાઉસ અને બંગલાનો અંદાજીત કાર્પેટ એરીયા તથા બીલ્ટ અપ એરીયા સાથે અંદાજીત કીંમત પણ લખવામાં આવી છે તો જેની જરૂરીયાત પ્રમાણે ફોર્મ ભરીને લખ્યા મુજબના સ્થળોએ વેળાસર આપવા માટે દરેક બાલાસીનોર વાસીઓને નમ્ર વિનંતી.

**- શ્રી સુધીરભાઈ ચી. ધારીયા (રંગુનવાલા)**

# બાલાસિનોર વૈષ્ણવ નગર વસાવવા માટે નમ્ર વિનંતી

જમીન લેવા માટે રૂપીયાની જરૂર પડશે તો નીચે લખેલા ફોર્મમાં વિગત દર્શાવી છે તો બાલાસીનોરના દરેક કુટુંબીજનોને ટહેલ નાખવામાં આવે છે. તો પોતાનો ફાળો જેમ બને તેટલો વધારે લખાવવા વિનંતી. આ ફોર્મમાં લખ્યા મુજબના સરનામે મોકલી અમને આભારી કરશો. ફાળો લખાવ્યા પછી અને જમીન ની ડીપોઝીટ આપ્યા પછી ૬૦ થી ૭૦ દીવસમાં સંસ્થામાં ફાળો જમા કરાવવો પડશે. ઓછામાં ઓછા ૩ વર્ષ માટે આપવાના રહેશે અને જે વગર વ્યાજે આપશે તેઓને વહેલી તકે પાછા આપવામાં આવશે. જેને ફલેટ બુક કરાવ્યો હશે. તો તેઓ પણ પોતાની શક્તી પ્રમાણે ફાળો આપવા નમ્ર વિનંતી. **ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧.૫.૨૦૧૧ છે. ત્યારબાદ આવેલ અરજીઓને ૧૫ % ભાવ વધારો લાગુ પડશે. વધુ સંપર્ક માટે : સુધીર સી. ધારીઆ- ૯૮૧૯૮૨૯૨૬૬**

જેમને ફલેટ બુક કરાવ્યા હશે. તેઓને તે રકમ નોંધાવેલા ફલેટમાં મજરે આપવામાં આવશે. વગર વ્યાજે આપનાર દાતાઓનું સન્માન તથા નગરમાં નામની તકતી મુકવામાં આવશે.

પરદેશમાં વસતા આપણા જ્ઞાતીજનો આ યોજનામાં સહભાગી થઈ મુંબઈ ખાતે પોતાનું રહેઠાણ ધરાવે તેવી અમારી ઈચ્છા છે. નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે સહુ પરદેશવાસીઓ પણ આ લાભ લે.

**નામ તથા સરનામું :** ..........................................................................

..........................................................................

..........................................................................

**ફલેટ નં**............... **મોબાઈલ નં.** ..........................................

**૧) વગર વ્યાજે રૂા**..........................................................................

**૨) ૯ ટકા વ્યાજે રૂા**..........................................................................

**3) જેઓ ફલેટ નોંધાવ્યા હોય** ..........................................................................

**મોકલવા માટેના નામ તથા સરનામા નિચે લખ્યા છે.**

૧) સુધીર સી. ધારીયા (૯૮૧૯૮૨૯૨૬૬) : બી-૧૩, સ્ટાર ટ્રેડ સેન્ટર, ચામુંડા સર્કલ, બોરીવલી (વે), મુંબઈ - ૯૨

૨) બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ (૨૩૮૮૭૦૦૬)

૩) બાલાસિનોર પ્રગતિ સમાજ કો. ક્રેડીટ સોસાયટી : બાબુ ગેનુ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ (૨૨૦૫૩૪૭૬)

૪) મણીકાંત કડકીઆ : સુરતી એન્ડ કાં. - બાલાસિનોર ખાતે

૫) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) (૯૮૨૦૦૧૧૫૮૬) : સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વે), મુંબઈ ૯૨

# બાલાસિનોર નગર (પ્રસ્તાવીત) યોજના

નિચે લખ્યા મુજબના અંદાજીત એરીયા લખ્યા છે, જેની જરૂરીયાત પ્રમાણે આજ ફોર્મમાં વિગત ભરીને ફોર્મ માં લખ્યા મુજબના સરનામે મોકલી આપવા નમ્ર વિનંતી.

| ફ્લેટ ટાઈપ | કાર્પેટ એરીયા | અંદાજીત બીલ્ટ અપ એરીયા | અંદાજીત રકમ |
|---|---|---|---|
| 1BHK | 360 SQ/F | 525 SQ/F | ૨૧ થી ૨૪ લાખ |
| 2 BHK | 600 SQ/F | 890 SQ/F | ૩૫ થી ૩૮ લાખ |
| 3 BHK | 850 SQ/F | 1235 SQ/F | ૫૦ થી ૫૫ લાખ |
| રો હાઉસ | 1010 SQ/F | 1450 SQ/F | ૬૫ થી ૭૫ લાખ |
| બંગલો | 1250 SQ/F | 1815 SQ/F | ૯૦ થી ૯૫ લાખ |

**નામ** : ..........................................................................

**હાલનું રહેઠાણ** : ..........................................................................

..........................................................................

**ફ્લેટની પસંદગી** : ..........................................................................

**ફોન નંબર** : ..................... **મોબાઈલ** :................................

**સહીકરનાર**

૧) સુધીર સી. ધારીયા (૯૮૧૯૮૨૯૨૬૬) : બી-૧૩, સ્ટાર ટ્રેડ સેન્ટર, ચામુંડા સર્કલ, બોરીવલી (વે), મુંબઈ - ૯૨

૨) બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ (૨૩૮૮૭૦૦૬)

૩) બાલાસિનોર પ્રગતિ સમાજ કો. ક્રેડીટ સોસાયટી : બાબુ ગેનુ રોડ, પ્રીન્સેસ સ્ટ્રીટ (૨૨૦૫૩૪૭૬)

૪) મણીકાંત કડકીઆ : સુરતી એન્ડ કાં. - બાલાસિનોર ખાતે

૫) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) (૯૮૨૦૦૧૧૫૮૬) : સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વે), મુંબઈ ૯૨



## શ્રી બા.ન. સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

# મે મહિનાનો કાર્યક્રમ

## કોન બનેગા વિદ્યાપતિ

**તારીખ : ૫ મે ગુરુવાર** **સમય : બપોરે ૩ વાગે** **સ્થળ : હિંદી વિદ્યા ભવન**

આ કાર્યક્રમના પાસ તારીખ ૨૫-૪-૧૧ સોમવારે મંડળની ઓફિસમાં ૩ થી ૫ દરમ્યાન આપવામાં આવશે. જેના રૂા. ૩૦ રાખવામાં આવ્યા છે અને જે બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લેવો હોય તેના રૂા. ૨૦ રાખવામાં આવ્યા છે.

**કુંજુ શાહ - સંયોજક મહિલા વિભાગ - મો. ૯૯૩૦૭૯૪૪૨૪**

(લવાજમ ભરવાનું બાકી હોયતો ભરી શકશે સંયોજક ને કોન્ટેક કરવો)

---

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળનો હિરક મહોત્સવ તથા દાતાઓનું સન્માન

તા. ૧૨મી માર્ચ ૨૦૧૧ના દિને સવારે ૧૦ કલાકે, મંડળનો હિરક મહોત્સવ તેમજ દાતાઓના સન્માનનો અને સાંસ્કૃતિક કાર્યક્રમ જે.વી., ઓ.જે. દેસાઈનાં બાળકોનો ઉજવવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન હતા શ્રી મુલજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખાં) અને અતિથિવિશેષ તરીકે શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમનો આરંભ પ્રાર્થના, જે.વી.દેસાઈ પ્રાથમિક શાળાની વિદ્યાથિનીઓથી થયો. મનુષ્ય મહેમાન, અતિથિવિશેષ, મંડળના પ્રમુખ તેમજ ચેરમેન અને મંત્રી સ્થાનિક શાળા સમિતિ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું

પ્રસંગની પૃષ્ઠભૂમિકા તેમજ સ્વાગત શ્રી મણીકાન્ત કડકીઆએ કર્યું. મુખ્ય મહેમાન તથા અતિથિવિશેષનો પરિચય શ્રી રજની કડકીઆએ આપ્યો.

મુખ્ય મહેમાન અને અતિથિવિશેષનું બહુમાન બૂકે તેમજ મોમેન્ટો અને શાલ અર્પણ કરી કરવામાં આવ્યું.

દાતાઓના પ્રશસ્તિપત્રનું વાચન મંડળના પ્રમુખ શ્રી પ્રવિણ દેસાઈએ કર્યુ.

પ્રાથમિક શાળાના મુખ્ય દાતાનું સન્માન શ્રી ડો. શશીકાન્ત દેસાઈએ સ્વીકાર્યું. એમને પ્રશસ્તિપત્ર મુ.શ્રી મુલજીભાઈએ શાલ મુ. શ્રી રમણીકભાઈએ અને મોમેન્ટો પ્રમુખ શ્રી પ્રવિણ દેસાઈએ અર્પણ કર્યા. અન્ય ૩૫ જેટલા દાતાઓને શાલ, મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર મંડળના હોદેદારો, ટ્રસ્ટીઓ તેમજ પ્રમુખના હાથે આપવામાં આવ્યા.

ત્રણ પ્રતિમાઓનું અનાવરણ નીચે મુજબ થયું

(૧) સરસ્વતી દેવી સમક્ષ દીવો પ્રગટાવી
હા. શ્રી મહેશભાઈ કડકીઆ - બનડા

(૨) ઈચ્છાબેન ઓ. દેસાઈ હા. સરલાબેન ન. દેસાઈ.

(૩) ઓચ્છવલાલ શેઠની નવી મૂર્તિ હ.: તરુબેન શેઠ

પ્રાથમિક શાળા શરૂ કરવા અંગેની વિગત તેમજ અન્ય માહિતી શાળા સમિતિના મંત્રી શ્રી રમણભાઈ પટેલે આપી. શાળાની પ્રવૃત્તિઓનો અહેવાલ ધોરણ ૪ની વિદ્યાર્થીની હીતીબેન પીપસોદિયાએ નિર્ભય પણે રજૂ કર્યો.

પ્રાથમિકશાળાના મુખ્ય મકાનનું રીબીનકાપી ઉદઘાટન શ્રી પ્રવિણભાઈ ઓ. દેસાઈ (દેડકી) એ કર્યું. પ્રાર્થના ખંડનું ઉદ્‌ઘાટન શ્રી પ્રફુલ્લભાઈ શેઠે કર્યુ. અને પી.વી. વિદ્યાલયના બે નવા વર્ગોનું ઉદ્‌ઘાટન વર્તમાન વિધાનસભ્ય શ્રી માનસિંહભાઈ ચૌહાણે કર્યુ.

પ્રાસંગિક વકતવ્ય શ્રી શશીકાન્ત દેસાઈ, શ્રી પ્રફુલ્લભાઈ શેઠ, શ્રી રમણીકભાઈ ધારીઆ અતિથિવિશેષે આપ્યા અને મુખ્ય મહેમાન શ્રી મુલજીભાઈ ધારીઆ (લાલખા)એ આશિર્વચન આપતાં મંડળના સેવાકાર્યોની સરાહના કરી. વિધાન સભ્ય શ્રી માનસિંહભાઈ તથા પૂર્વવિધાન સભ્ય શ્રી પપ્પુભાઈ પાઠકે પણ ઉદબોધન કર્યુ.

પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈએ આ પ્રસંગે પોતાનું વકતવ્ય આપતાં શિક્ષણના ઉચ્ચતમ સ્તર, શિક્ષકોનું યોગ્ય પ્રદાન અને વિદ્યાર્થીઓમાં શિસ્તની ભાવનાનો ખાસ ઉલ્લેખ કર્યો સાથેજ સૌ પૂર્વ પ્રમુખોની સેવાને બિરદાવી. તેમણે જણાવ્યું હતું કે આ પ્રસંગે પ્રાથમિક તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળાની બાલિકાઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી શ્રોતાઓ અને હાજર પ્રજાજનોને રસ તરબોળ કરી દીધા. એમના આવા સરસ મનભાવન કાર્યક્રમથી પ્રભાવીત કેટલાક ઉદાર સજ્જનોએ રોકડ ઈનામો આપ્યા.

ભારતનું પ્રતિજ્ઞાપત્ર ધોરણ ૧ની વિદ્યાર્થીની જોહરબેન અલ્કેશભાઈ ચૌધરીએ ખૂબ જ પ્રભાવશાળી રીતે રજૂ કર્યું, જે અંગ્રેજીમાં અસ્ખલિત વાણીથી બોલી ગઈ આપણી પ્રાથમિક શાળાનો મુખ્ય હેતુ ઉત્તમ અંગ્રેજી માધ્યમ ગુજરાતીનો છે.

કાર્યક્રમ પ્રસંગે થયેલ દાનની જાહેરાત

પી.વી.વિદ્યાલયના બે નવા વર્ગખંડોના પ્રથમ મજલાની વીંગ માટે રૂા. ૨,૫૧,૦૦૦/- રશ્મિબેન મુલજીભાઈ લાલખા તરફથી.

પી.પી.પટેલના સ્મરણાર્થે રૂા. ૧,૧૧,૧૧૧/- શ્રી અમીત પટેલ તરફથી.

પ્રફુલ્લ ઓ. શેઠના હીરક પર્વ (૭૫ વર્ષ) પ્રસંગે તરુબેન પ્રફુલ્લ શેઠ તરફથી રૂા. ૭૫,૦૦૦/-

☆☆☆☆☆

## ગ્રામ સેવા સમાજ, બાલાસિનોર
## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કના નિભાવ અને વિકાસ માટે વધુ પ્રાપ્ત થયેલ ભંડોળ સૌ દાતાઓનો આભાર

**રૂા. ૧૫,૦૦૦/- પંદર હજાર**
શ્રી પ્રવિણચંદ્ર એલ. કડકીઆ (-)
**રૂા. ૧૧,૦૦૦/- અગીયાર હજાર**
મીરાબેન દિપકભાઈ દોશી
**રૂા. ૪,૦૦૦- ચાર હજાર**
બંસીભાઈ મણીલાલ ગાંધી અગાઉ રૂા. ૧,૦૦૦ આપેલા તેમળી કુલ **રૂા. ૫,૦૦૦/-**
**રૂા. ૨,૦૦૦/-બે હજાર**
ચંદ્રકાંતભાઈ કે પરીખ (સી.કે.)
બાબુલાલ ચુનીલાલ પરીખ (લાય.)
બીપીનચંદ્ર ઓચ્છવલાલ મોદી (ઠાસરાવાળા)
મોહીનીબેન યોગેશકુમાર કડકીઆ
ચંદુલાલ ગરબડદાસ ગાંધી
**૧,૦૦૦/૦ એક હજાર**
સુષ્મા પ્રવિણ દેસાઈ
શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ
શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (પ્લંબર્સ)
શ્રી અરવિંદ મણીલાલ પરીખ
શ્રી રમેશચંદ્ર મોજીલાલ પરીખ (ગુંથલીવાળા)
શ્રી નલીન કાંતિલાલ શાહ (ઝાટ)
સુર્યાબેન નરેશચંદ્ર ધારીઆ હ. રાજુભાઈ (ધારીઆ બાપજી)
રોહીત રમણલાલ કડકીઆ (મલમ)
કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)
નિકુંજ રમણલાલ કડકીઆ (મલમ)

**નોંધ :** તા. ૨૪-૩-૨૦૧૧ સુધી દાન આપેલું /નોંધાયેલું હોય એના જ્યોતિપુંજમાં આજ સુધી નામ છપાયા ના હોય તો અમારા કાર્યકર્તાઓનો સંપર્ક સાધવો.

**મંત્રી - રજનીકાંત ઓ. શાહ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના (૨૦૧૧-૧૨)

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૮૦ રૂ. ડઝન અને ફુલ સાઈઝ નોટબુક ૧૨૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૨-૫-૧૧ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાશું હરીશચંદ્ર દેસાઈ :** ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.પોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય :** સમવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ શ્રેયશ હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : મંજુલ ધારીયા** **સંયોજક : જાસ્મીન બી. શેઠ**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)

## નોટબુક રાહત યોજના (૨૦૧૧ - ૨૦૧૨)

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૧ થી ૩૦-૫-૧૧ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૫-૬-૨૦૧૧ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનીવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : મંજુલ ધારીયા** **સંયોજક : જાસ્મીન બી. શેઠ**

# BLASINOR MEDICAL ASSOCIATION

As you all know that "Prevention is better than cure"

Balasinor Medical Association Managing Committee has unanimously accepted suggestion by its president Dr. Kirit Mody to get health details of community members.

**Purpose of Survey**

1. Getting health details of community members and thus to know the status of common disease prevalent in our community.
2. Findings from the survey after analysis can give us some idea about the factors which are causing most prevalent diseases.
3 According prevent the diseases in fature by conducting awareness programs like lectures, articles in Jyotipunj and arranging screening camps.

In order to implement this, committee has decided to distribute health survey forms through our social organization and through some community doctors

All community member's co-operation would be appreciated.

You are requested to deposit the form at the following address:

- V.D.N.M.Medical Trust office at Mehta House
- Pragati Samaj office at Kalbadevi
- Balasinor Nayvug Sangh office at C.P.Tank
- Dr. Rajat Mody at Borivali, for resident of Borivali and nearby suburbs
- Dr. Jayesh Desai at Vile Parle for resient of nearby suburbs.

Pl Note : All information will remain confidnetial, you are requested to submit filled from latest by 30th April 2011

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શૈક્ષણિક પારિતોષિકો શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવામાં આવે છે. જેમાં K. G. ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C, B.Com, BA, B.Sc, B.D.S., C.A., L.L.B., M.B.A., M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ ઝેરોક્ષ કોપી પાછળ પોતાનું પુરુ નામ, સરનામું, તથા ફોન નંબર સાથે લખીને સંસ્થામાં આપી જવા વિનંતી. ઈનામ વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**- મંત્રી - મંજુલ ધારિયા**

# BALASINOR MEDICAL ASSOCIATION

## HEALTH SURVEY FORM

| No. | Name<br>(Surname) (First Name) (Middle Name) (Khij) | M/F | Age | Diabets | Blood Pressure | Cancer | Heart Disease | Paralysis |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | | | |
| 2 | | | | | | | | |
| 3 | | | | | | | | |
| 4 | | | | | | | | |
| 5 | | | | | | | | |
| 6 | | | | | | | | |
| 7 | | | | | | | | |
| 8 | | | | | | | | |
| 9 | | | | | | | | |
| 10 | | | | | | | | |

Signature

**Please Note : All information of this form will remain confidential and used for survey purpose only.**
**Please drop sealed from at any of the following convenient place.**

1). VDNM Medical Trust office at Mehta house. (2) Pragati Samaj office at Kalbadevi (3) Balasinor Navyug Sangh office at C.P.Tank (4) Dr. Rajat Mody at Borivali, for resident of Borivali and nearby suburbs (5) Dr. Jayesh Desai at Vile Parle for resident of nearby suburbs.

# બાલાસિનોર વિદ્યામંડળ

## અધધધ... દાન :-

હર્ષ અને ઉમંગની લાગણી અને કૃતજ્ઞતાના ભાવ સાથે સવિનય જણાવવાનું કે આપણી જ્ઞાતિના અને ઉદાર અને દરિયાદિલ દાતા પરિવારના મોભી શ્રી નવીનભાઈ ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) દ્વારા તેમના ભાઈ શ્રી નિરંજનભાઈ ચીમનલાલ મોદીની મધુર યાદમાં રૂા. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂા. પચ્ચીસ લાખ પુરા)નું માતબર દાન શ્રી નિરંજનભાઈ ચીમનલાલ મોદી કોમ્પ્યુટર લેબોરેટરી માટે મળ્યું છે. અત્યારના મુખ્ય મકાનના Extension માં ભોંય તળીયે શ્રીજી કોમ્પ્યુટર લેબોરેટરીની પાછળ આ નવી લેબ કાર્યરત થશે. નવા ખંડની સાઈઝ ૪૧'૬x ૨૧' અને Aveg ૮૭૨sp.ft નો રહેશે. ૪૫ કોમ્પ્યુટર ધરાવતી અધતન A.C. Computer Laboratory માં સર્વર રૂમ, ટ્રેઈનીંગ રૂમ, LCD જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.

શ્રી નવીનભાઈ ચીમનલાલ શાહ પરિવારે આપણી વિવિધ સામાજિક સંસ્થાઓને અત્યાર સુધી રૂા. ૧,૫૦,૦૦,૦૦૦/-(અંકે રૂા. એક કરોડ પચાસ લાખ) થી વધારે રકમનું દાન આપ્યું છે. આપણે સૌ આ પરિવારના રૂણી રહીશું.

શ્રીમતી પુષ્પાબેન નવીનભાઈ પરીખ (બખલી) પરિવાર તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-(અંકે રૂા. એક લાખ)નુ માતબર દાન શ્રીજી કોમ્પ્યુટર લેબોરેટરીના વિદ્યાર્થીઓ માટે ચાર કોમ્પ્યુટર ખરીદવા માટે મળ્યું છે. અગાઉ આ પરિવારના વડીલ 'શ્રી ચીમનલાલ મગનલાલ પરીખ'ના નામે કોલેજની કોમ્પ્યુટરાઈઝ લાયબ્રેરી માટે દાન મળ્યું છે.

સંસ્થાના કારોબારી સમિતિના સૌ સભ્યો બંને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતા રૂણ સ્વીકાર કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે.

યજુર્વેદનો શ્લોક છે. 'પાવકા ના સરસ્વતિ' એટલે કે સરસ્વતિ અમને પવિત્ર કરે.

ઈશ્વર આપણને શક્તિ, ધન, અને જ્ઞાન આપે છે. બીજાનું રક્ષણ કરવા મદદ કરવા અને વહેંચવા. જે ઈશ્વરની આજ્ઞાનું / ઈચ્છાનું પાલન કરે છે તેના શક્તિ, ધન અને જ્ઞાન વધતાંજ જાય છે.

પરમકુપાળું ઈશ્વરે આપણને તન, મન અને ધન આપ્યા છે અને ત્રણેનો સ્વભાવ મેલા થવાનો છે. આપણે તન ને સ્નાનથી, મનને ધ્યાનથી અને ધનને દાનથી શુદ્ધ કરવા એવી શાસ્ત્રોની આપણને આજ્ઞા છે.

**લી. બાલિસનોર વિદ્યામંળ કારોબારી સમિતિ.**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ટ્રસ્ટને પ્રોત્સાહીત દાન આપનાર સખાવતી દાતાઓનું સન્માન સમારંભ તા. ૧૩-૩-૨૦૧૧ને રવિવારના રોજ યોજવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સંતરામ મંદિર ઉમરેઠના સંતશ્રી ગણેશદાસજી મહારાજશ્રી આર્શિવચન આપવા પધારેલા અને આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે માજી ધારાસભ્યશ્રી તથા ખેડા જીલ્લા ભાજપના મહામંત્રીશ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ), આણંદથી ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી, મેડીસીન ફીજીશીયન) તથા ખેડા જીલ્લાના અધિક કલેકટરશ્રી આર.કે.રાઠોડ ઉપસ્થિત રહેલા. આ પ્રસંગે મુંબઈ વસતા બાલાસિનોર વાસીઓ તથા સ્થાનિક રહેવાસીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી સમારંભની શોભામાં અભિવૃદ્ધી કરી હતી.

**આ વર્ષે (૨૦૧૧-૨૦૧૨) હોસ્પિટલની સ્થાપનાને ૬૦ વર્ષ પુરા થાય છે. પ્રમુખશ્રીએ આ વર્ષ હીરક જયંતી મહોત્સવ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ નિમિત્તે રૂ. ૨.૫૦ કરોડ (અઢી કરોડ) અથવા વધુનુ દાન એકત્રીત કરવાનો લક્ષાંક જાહેર કર્યો હતો.**

પ્રમુખશ્રી નવિનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા) તરફથી રૂ. ૫૦ લાખનો પ્રથમ ફાળો જાહેર કરવામાં આવ્યો હતો. આ બાદ તરતજ તેઓશ્રીના પ્રયાસોથી રૂપિયા ૫૦ લાખના દાનનું વચન સ્વ, સાકરલાલ છોટાલાલ ગાંધી (કલકત્તાવાળા)ના પરિવાર તરફથી જાહેર કરવામાં આવ્યું હતું. વધુમાં કે.એમ.જી જનરલ હોસ્પિટલ તથા શ્રી બાલાસિનોર સેવા સમાજના સર્વે ટ્રસ્ટી મંડળના સભ્યો તરફથી રૂ. ૨૫ લાખનું માતબર દાનનુ વચન જાહેર કરવામાં આવ્યુ હતું. શ્રી નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (બખલી) તરફથી તેમના સુપુત્રોના નામે રૂ. ૧ લાખનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. હાજર મહાનુભાવો તથા તમામ નાગરીકોએ આ જાહેરાતને ઉમળકાભેર વધાવી લીધી હતી. આ પ્રસંગે કુલ ૩૦ નવી ઓપરેશન મિતિની પણ જાહેરાત કરવામાં આવી હતી.

મુંબઈ વસતા તથા સ્થાનીક નગરજનોને દાનની ઝોડી છલકાવી દેવા માટે આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ સંત શ્રી ગણેશદાસજી મહારાજે આર્શિવચન રૂપે સુંદર સંદેશો આપતા કહયું હતું કે જન સેવા એજ પ્રભુ સેવા છે અને આપણને મળેલ આવકનો નાનો ભાગ દરીદ્ર નારાયણોની સેવા અર્થે અર્પણ કરવો એ મહાપુણ્યનું કાર્ય છે અને પ્રભુ તરફથી આપણને જે દાન આપીએ તેનાથી અનેક ઘણું વધારે પ્રાપ્ત થાય છે.

આ પ્રસંગે મુરબ્બીશ્રી રસીકલાલ સાકરલાલ મોદી (દેવ) ને ૮૦ વર્ષ પુર્ણ થયાના તમામ હાજર સમુદાય તરફથી અભિનંદન આપવામાં આવ્યા હતા અને તેના પ્રતિસાદ રૂપે તેઓશ્રી તરફથી તમામ સમુદાયનું આઈસ્ક્રીમથી આ પ્રસંગે અભિવાદન કરવામાં આવ્યું હતું.

**મંત્રીશ્રીઓ**

**શ્રી રાજેન્દ્ર દેસાઈ - શ્રી નીતીનભાઈ પરીખ**

**હીરક મહોત્સવ પ્રસંગે મળેલ દાન વચનની યાદી**

❖ **રૂ. ૨૫,૦૦,૦૦૦/-** સ્વ. નિરંજનભાઈ ચીમનલાલ મોદીની સ્મૃતિમાં હોસ્પિટલના આઉટડોર વિભાગના નામકરણ માટે હસ્તે શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા)

❖ **રૂા. ૨૫,૦૦,૦૦૦/-** શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહની સ્મૃતિમાં હોસ્પિટલના પ્રાંગણમાં તેઓશ્રીની પ્રતિમાની સ્થાપના માટે હસ્તે શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા)

❖ **રૂા. ૫૦,૦૦,૦૦૦/-** સ્વ. સાકરલાલ છોટાલાલ ગાંધી (કલકત્તાળા)ના પરિવાર તરફથી

❖ **રૂા. ૨૫,૦૦,૦૦૦/-** કે.એમ.જી જનરલ હોસ્પિટલ તથા શ્રી બાલાસિનોર સેવા સમાજના સર્વે ટ્રસ્ટી મંડળના સભ્યો તરફથી

❖ **રૂા. ૧,૦૦,૦૦૦/-** શ્રી નવનીતલાલ ઓચ્છવલાલ પરીખ (બખલી) તરફથી તેમના સુપુત્રોના નામે

**કુલ રૂા. ૧,૨૬,૦૦,૦૦૦/-**

## નવી નોંધાયેલી ઓપરેશન મિતિની યાદી

સુધીર ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા), સ્વ. મોજીલાલ ગાંધી (અમદાવાદવાળા), સ્વ. દશરથલાલ ગાંધી, બીપીનભાઈ ગોકલદાસ ગાંધી, અજીત કાંન્તિલાલ શેઠ, પન્નાબેન અજીત શેઠ, સાકરલાલ ગોરધનદાસ મોદી ( દેવ), ઈચ્છાબેન સાકરલાલ મોદી, વિનયકાન્ત ભીખાલાલ મોદી (બાલી), એમી અશ્વિન કરકેરા, ઈશા નિતીન પરીખ, ગીરજાબેન જેઠાલાલ શાહ, સોહીનીબેન યોગેશકુમાર કડકીઆ, ભારત વિકાસ પરિષદ વિકલાંગ કેન્દ્ર (બે મિતિ), જયેન્દ્ર જેઠાલાલ શાહ, દીયા વસ્તલ શેઠ, આનંદ બાલચંદ્ર ભાગવત, શિવાની આનંદ ભાગવત, અશ્વિન જેઠાલાલ શાહ (ઉજળાવાલા), અજય જેઠાલાલ શાહ (ઉજળાવાલા), સ્વ. ચંદનબેન રમણલાલ પરીખ, સ્વ. મગનલાલ શાહ (ગુંથરીવાલા), એક શુભેચ્છક દાતા તરફથી, રસીકલાલ રમણલાલ કડકીઆ, પુષ્પાબેન રસીકલાલ કડકીઆ, અનામિદાતા તરફથી (ત્રણ મિતિ), અરૂણા રમેશચંદ્ર કડકીઆ (ધરીવાલા), આદમભાઈ અબ્દુલરહેમાન શેખ (કાચવાળા), વર્ષાબેન બીપીનચંદ્ર ઓચ્છવલાલ શાહ (હાથીખાનાવાળા)

**મંત્રીશ્રીઓ**

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીનભાઈ પરીખ**

## જ્યોતિપુંજમાં મેટર આપવા બાબત અગત્યની જાહેરાત

- દરેક સંસ્થાઓને વિનંતી કે તેમનાં સંસ્થા સમાચાર સુવાચ્ય અક્ષરોમાં, તેમની સંસ્થાના લેટરહેડ ઉપર અથવા રબર સ્ટેમ્પ સાથે સંબંધિત અધિકારીનાં નામ અને સહી સાથે મોકલાવવાં.
- કોઈપણ વ્યક્તિએ કે સંસ્થાએ, તંત્રી કે બા.ન.સંઘનાં મંત્રીની જાણબહાર, મેટર સીધી પ્રેસ પર મોકલવી નહીં.
- વ્યક્તિગત લેખો, કવિતાઓ કે અન્ય સામગ્રી તેમજ પ્રકિર્ણ વિભાગની માહિતી ફુલસ્કેપ અથવા નોટબુકનાં સરખાં કાગળ પર સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલવી. ચબરખી કે ચીઠ્ઠી પર મોકલેલ માહિતી અથવા ઝેરોક્ષ કોપીની નોંધ લેવાશે નહીં.
- જ્યોતિપુંજ આપનું પોતાનું પ્રકાશન છે, તેનાં વ્યવસ્થાપનમાં આપનો સહકાર અનિવાર્ય છે.
- મહિનાની ૨૯મી તારીખ પછી કોઈપણ મેટર સ્વીકારવામાં નહી આવે.

**- મંત્રી મંજુલ ધારીયા**

**- તંત્રી નિખીલ પરીખ**

## શૈક્ષણિક ક્ષેત્રે કેળવણી મંડળનું પ્રદાન

ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમીક શાળાના મકાનને પૂર્ણ કરતાં હજુ બે-ત્રણ મહિના થશે. અપૂર્ણ મકાન લોકાર્પણ કરવા પાછળનો મુખ્ય હેતુ આપણા દાતાઓને સંમાનવાનો તથા જૂનથી શરુ થતા નવા સત્રમાં પ્રાથમિક શાળાનાં બાળકોના વર્ગો શરૂ કરવાનો છે. મકાનના બાંધકામમાં વિલંબ થવાનું મુખ્ય કારણ આપણા પ્લોટમાંથી પસાર થતા હાઈટેન્શન વાયરને હટાવવામાં ગુજરાત વિજ કંપની લિમિટેડ, આવશ્યક જરૂરિયાત આપણે પૂરી કરી આપવા છતાં લીધેલા વધુ પડતા સમયનું છે. આ ઉપરાંત દસ વર્ગોના અમારા પ્લાનમાં પ્રાર્થના ખંડ, કોમ્પ્યુટર વર્ગ, લાઈબ્રેરી ખંડને સમાવિષ્ટ કરવામાં આવ્યાને લીધે પણ બાંધકામમાં મોડું થયું છે. મૂળ ૮ હજાર ચોરસ ફૂટનો અંદાજ વધીને લગભગ બમણો થયો છે.

પ્રાથમિક તથા ઉચ્ચ પ્રાથમિક શાળામાં મૉડેલ શાળા જેવું ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા આપણે કટિબદ્ધ છીએ. આ માટે આપણને સમર્પત શિક્ષકો મળ્યા છે. સ્થાનિક શાળા સમિતિના મંત્રી **શ્રી રમણભાઈ પટેલ**નો તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળાના સુપરવાઈઝર **શ્રી હીરાભાઈ પ્રજાપતિ**નો સહયોગ સાંપડયો છે. આ બન્ને ધન્યવાદને પાત્ર છે. આપણી પાસે વિશાળ શૈક્ષણિક સંકુલ છે. તમામ સુવિધાઓ સંકળાયેલી છે. જરૂરી અન્ય શૈક્ષણિક સાધનો વસાવવાની આપણી તૈયારી છે. મકાનના બાંધકામ પાછળ શ્રી સુધીરભાઈ ધારીઆએ નિ:સ્વાર્થ સેવા આપી છે. મુંબઈથી અવાર-નવાર અહીં આવી એમણે સલાહ-સૂચનો તથા માર્ગદર્શન આપ્યું છે.

હીરક પર્વે આપણે ત્રણ કાર્યક્રમો કર્યા. ૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ પ્રથમ કાર્યક્રમ, અહીં લાયન્સ કોમ્યુનીટી સેન્ટરમાં શ્રી નવીનભાઈ ચીમનલાલ શાહ (કોલકત્તાવાળા)ના અતિથિવિશેષપદે યોજ્યો. બીજો કાર્યક્રમ ૮મી મે ૨૦૧૦ના દિને બિરલા માતુશ્રી સભાગાર, મરીન લાઈન્સ મુંબઈમાં રાખ્યો હતો. શ્રી મણીકાન્ત કડકીઆ ખાસ બાલાસિનોરથી અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા. આજે શાળાના લોકાર્પણનો અને દાતાઓને સંમાનવાનો આ ત્રીજો. આમ ૬૦ વર્ષના અસ્તિત્વની આપણે સુપેરે ઉજવણી કરી. દાતાઓએ આપેલ દાન અને દેડકી કુટુંબે ફાળવેલ માતબર રકમ માટે તમામનો મંડળ વતી પુનરપિપુનઃ ઋણ સ્વીકાર કરતાં ધન્યવાદ આપ્યા છે.

સવિશેષ આભાર સાંઈસેવા ધામ ટ્રસ્ટ, બાસાસિનોર તરફથી જે.વી.દેસાઈ સ્કૂલ માટે મળેલ કાર્પેટ, બે શેતરંજી તથા મધ્યાહન ભોજન માટે મળેલા

## જ્યારે જીવ જાય

જ્યારે જીવ જાય છોડી આ જગતને,
વહેલા બંસીધર તમે પધારજો,
વહાવી મુરલી સ્વર મધુર, વાતાવરણે,
પતિત જીવને આ, નિજઘર આવકારજો ... જ્યારે
દયા કરીને જો દર્શન નહિ આપો,
ષટરિપુઓમાંથી આ જીવને નહિ કાપો,
આવાગમનના માર્ગે અટવાશે
મોક્ષના માર્ગથી ચ્યુત જીવ થઈ જાશે,
અધમ ઓધારણ નથી એમ કહેવડાવશો .... જ્યારે
જીવને જ્યારે જનમ આપ્યો' તો જગતે,
ઈચ્છાને શક્તિ બક્ષી'ને આ જીવન,
બનશે મહામાનવ કદિ એવી આશે,
બંધાયો તે તો મોહ માયાના પાશે,
બંધનો છેલ્લી ઘડીયે નહિ કાપો તો,
ખોટા અંર્તયામી છો, જગમા કહેવડાવશો,
દીનદયાલ નથી એમ કહેવડાવશો ... જ્યારે

**- સતીષચંદ્ર ભી પરીખ (રોકડીયા)**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળ અને ટ્રસ્ટ ની કાર્યવાહક સમિતિની મીટીંગ ગુરુવાર તા- ૩૧/૦૩/૨૦૧૧ નાં રોજ પ્રગતિ સમાજ ની ઓફિસ ખાતે આયોજી હતી, જેમાં વર્ષ ૨૦૧૦ -૧૧ દરમિયાન આપેલ શૈક્ષણિક સહાયની માહિતિ રજુ કરવામાં આવી હતી; જે મુજબ ૧૦૭ વિદ્યાર્થીમિત્રો ને કુલ રૂા. ૧૫,૭૯,૨૨૦ ની સહાયનો લાભ મળ્યો હતો. આ ઉપરાંત સમાજનાં ઉદારદિલ દાતાઓ તરફથી વિવિધ ન્યાસ ફંડો માં કુલ રૂા. ૨૪,૦૦,૨૨૩ અને અન્ય દાન સ્વરૂપે રૂા. ૨,૫૧,૨૦૧પ્રાપ્ત થયાં હતાં.

ચાલુ માસ દરમિયાન મંડળને સમાજનાં દરિયાદિલ દાતાઓ તરફથી નીચે મુજબ દાન /દાન વચન પ્રાપ્ત થયાં છે

૧ શ્રી અનુપ સોમાલાલ શેઠ રૂા. ૨૫,૦૦૦

૨ શ્રી નીતીન રસિકલાલ ગાંધી રૂા. ૩૧,૦૦૦

૩ શ્રી બિપિન ઓચ્છવલાલ શાહ (હાથીખાનાવાળા) રૂા. ૧૧,૦૦૦

સમાજ અને મંડળ વતી અમે સર્વે દાતાઓનાં આભારી છીએ.

### - : દાતાઓને અપીલ : -

મંડળ અને ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક યોજનાઓ પૈકીની બે યોજનાઓ પોતાની ઓળખ માંગે છે. સમાજનાં દાતાઓને આગ્રહભરી અપીલ કરીએ છીએ, આપના કે આપનાં પ્રિયજનનાં નામ આપી ભવિષ્યનાં દાતાઓનાં ઘડતર માં સહભાગી બનો.

**દાતાઓને આવકારતી યોજનાઓ**

૧ Higher Education Scheme
રૂા. ૧૧,૦૦,૦૦૦/-

૨ Post Graduate Education Scheme
(Master's Degree) રૂા. ૭,૫૦,૦૦૦/-

આ ઉપરાંત મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા.૧૦,૦૦૦/- ના વાર્ષિક યુનીટની યોજના માં સહભાગી થવા દાતાઓ ને અપીલ કરીએ છીએ. દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આજ દિન સુધી મંડળને રૂ. ૧૦,૦૦૦/-ના એક એવા અનેક યુનીટ પ્રાપ્ત થયા છે, આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ**

## મોંઘવારી

હાય હાય આ મોંઘવારી, ક્યાંથી આવી આ મોંઘવારી
સરકાર બાપાની મહેરબાની
ત્યાંથી આવી આ મોંઘવારી
મોંઘવારી એ માઝા મુકી, ગરીબોના તો હૈયા દુઃખી
રોજ રોજ હૈયામાં હોળી થાય,
જીવનના છેડા બે ભેગા ના થાય
નોટ આપીને વોટ લીધા, હાથના કર્યા હૈયે વાગ્યા
પગના તળીયા ફાટી ગયા, આંખના આસું સુકાઇ ગયા
પેટના ખાડા ઉંડા ગયા, નિદ્રાએ રાત્રી મોટી કરી.
ખુરશીના રાજા તો મોટા થયા, ગરીબના જીવન ટુકા થયા
શરદભાઈની શેરડી મીઠી, ગરીબોને તો લાગે કડવી.
માયા માતાની દાદાગીરી, જય લલીતાની બલહારી
હવે તો આવ્યું છે ગુંડારાજ, પ્રજાના કર્યા છે બે હાલ.
હવે તો પ્રભુ તમે આવો, દુઃખી પ્રજાને બચાવો.

- સરલાબેન દેસાઈ (દેડકી)

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **પરીખ દિપક સોમાલાલ (ઘીવાલા)**
**પરીખ નુપુર દિપક**
મહાવિર દર્શન કો.ઓ.સોસાયટી. લીમીટેડ,
ફ્લેટ ન. ૩૦૩, ત્રીજે માળે, બ્લોસમ બીલ્ડીંગ સામે,
મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ -૬૭
મો. : ૯૮૨૦૭૩૧૦૬૨ - ૯૮૭૦૦૪૫૨૩૯

૨. **પરીખ કિંજલ દિપક (ઘીવાળા)**
એ-૭૦૧, બાલાજી એનક્લેવસ,
આર્કુલી રોડ, લોખંડવાલા ટાઉનશિપ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧
મોબાઈલ - ૯૩૨૧૧૮૪૧૩૪

## નવા ટેલીફોન નંબર

૧. **કોકિલાબેન વિ. કચેરીયા**
મોબાઈલ - ૯૩૨૧૯૫૧૨૪૮

૨. **વિનોદભાઈ લલ્લુભાઈ કચેરીયા**
મોબાઈલ - ૯૮૩૩૧૪૦૦૫૪

## અભિનંદન

- **ડૉ. ચંદ્રકાંત મણીલાલ ધારીઆ (ઓલ્લાં)** ઈન્ડિયન મેડીકલ એસોસીયેશન મુંબઈ વિભાગના વર્ષ ૨૦૧૧-૧૨ માટેના પ્રમુખ તરીકે નિમણુંક પામ્યા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

- **શ્રી કૌશિકભાઈ પરીખ (રોકડીયા)** ને અમેરીકાના ન્યુજર્સી ખાતે રોટરી કલ્બ દ્વારા Outstanding Citizen એવોર્ડ દ્વારા બિરદાવવામાં આવ્યા છે. આ એવોર્ડ તેઓને ન્યુજર્સીના મેયરની હાજરીમાં આપવામાં આવ્યો હતો. તેઓએ કૌશિકભાઈની ૨૩ વર્ષની સેવાને બિરદાવી હતી.

## તેજસ્વી તારલાં


૧. **શ્રી પારીન રાજેન્દ્ર શાહ** FRCS (Edin) તથા M.Phil માં Univercity of Glamoign માંથી ઉત્તીર્ણ થયા છે. તેઓ હવે MS, MRCS, FRCS (Edin) M phil ની ડીગ્રી ધરાવે છે તથા Laproscopic On Co Surgery ઉપર કામ કરી રહ્યાં છે. સંઘવતી તેઓને અભિનંદન.

૨, **મૃનાલી ભદ્રેશ કિર્તનલાલ પરીખ (તાતીઆ)** C.A. Final ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. તેઓને સંઘવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ભુપેન્દ્ર ઓચ્છવલાલ પરીખ (બખલી) | ૭૧ |
| ગ.સ્વ. હંસા ઉમેશચંદ્ર શાહ (શકુની) | ૬૮ |
| નવનીતલાલ સાંકરલાલ દેસાઈ (રોજવાવાળા) | ૮૫ |

પ્રભુ સદ્ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે




## ચક્ષુદાન કરેલ છે

**જયપ્રકાશ નવીનચંદ્ર કડકીઆ**
**(જે.પી.)**
**(ઉંમર - ૬૨)**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘના કાર્યાલયના તા. ૩.૪.૨૦૧૧ના રોજ શ્રીમતી તારાબહેન રતીલાલ પરીખ કાર્યાલય નામ આપવામાં આવ્યું હતું. શ્રી નગીનભાઈ લાલચંદ પારેખના હસ્તે દાતાના ફોટાના અનાવરણની વિવિધ લાક્ષણિક તસ્વીરો







**3rd Cover Page**



હીરક જયંતિ મહોત્સવના સોવિનિયરનું વિમોચન



હીરક જયંતિ મહોત્વ પ્રસંગે હાજર રહેલા પ્રેશકગણ